વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦/-

# ઘનશ્યામ

૧૦ ઓક્ટોબર, ૨૦૨૩ ● વર્ષ : ૪૮
અંક : ૧૦









પોતે દુ:ખો ઘણા વેઠી, જીવોને સુખ આપ્યા છે...


૧


૨


૩


૪


૫


૬


૭


૮

 (૧-૨) SBS કેમ્પ તથા છાત્રાલયના મુક્તોને લાભ (૩) બાવળા ખાતે પધરામણીમાં લાભ (૪-૮) ચરોતર ખાતે વ્હાલા ગુરુજીનું દિવ્ય સત્સંગ વિચરણ

# ઘનશ્યામ

૧૦ ઓક્ટોબર, ૨૦૨૩ ● વર્ષ : ૪૮ ● અંક : ૧૦

# GHANSHYAM

10 October, 2023 • Year : 48 • Edition : 10




**અનુક્રમણિકા...**


૦૪ દિવ્યવાણી

૦૭ વચનામૃત સાર લોયા : ૩ (ભાગ - ૧)

૧૦ મુમુક્ષુની મૂંઝવણ

૧૩ વરરાજાના મામા

૧૬ સાચું શાણપણ

૧૯ મંકોડો ફાવી ગયો



પ્રકાશક : સાધુ ભક્તવત્સલદાસ
મુદ્રક : સાધુ પૂર્ણસ્વરૂપદાસ
માલિક : સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા (SMVS)
મુદ્રણ : વાઈબ્રન્ટ ઈમેજ, અમદાવાદ
આદ્ય સ્થાપક : શુદ્ધ ઉપાસના પ્રવર્તક
અ.મુ. સદ્. શ્રી દેવનંદનદાસજી સ્વામીશ્રી
(ગુરુદેવ પ.પૂ. બાપજી)
પ્રેરક : પ.પૂ. અ.મુ. સદ્. શ્રી સત્યસંકલ્પદાસજી સ્વામીશ્રી
(ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી)
તંત્રી : નરેન્દ્રભાઈ આર. ત્રિવેદી
સહતંત્રી : સાધુ રાજીપાસ્વરૂપદાસ
સંપાદક : સાધુ નિર્ગુણજીવનદાસ
લેખનકાર્ય : લેખકવૃંદ



**પત્રવ્યવહાર માટેનું સરનામું :**
ઘનશ્યામ કાર્યાલય, સ્વામિનારાયણ ધામ
કોબા-ગાંધીનગર હાઈવે, ગાંધીનગર-૩૮૨૦૦૭
Visit us : www.smvs.org
Email : magazine@in.smvs.org



કુલ પેજ : ૨૪ + ૪ ટાઈટલ = ૨૮


**ઘરે બેઠા ઑનલાઇન ઘનશ્યામ મેળવવા માટે આપનું નામ, સેન્ટર તથા વૉટ્સએપ નંબર આજે જ વૉટ્સએપ કરો :**
**૯૪૦૮૩૨૦૦૩૬**


સને ૧૯૭૬, જાન્યુઆરી માસથી પ્રારંભ પામેલ આ ‘ઘનશ્યામ’ સામયિક એ કારણ સત્સંગના જ્ઞાન, ઉપાસના અને સિદ્ધાંતોની પુષ્ટિ કરતું એસ.એમ.વી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું રજિસ્ટર્ડ મુખપત્ર છે જે દર માસની દસમી તારીખે પ્રકાશિત થાય છે.


**‘GTPL-ભક્તિ’ ચૅનલ નં - ૫૫૧ ઉપર દરરોજ સવારે અને રાત્રે ૮:૩૦થી ૯:૦૦ તથા દર એકાદશી તેમજ પૂનમના સમૈયામાં રાત્રે ૮:૩૦થી ૧૦:૩૦ ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની દિવ્યવાણીનો લાભ મળશે.**



# દિવ્યવાણી

અનાદિકાળથી ઈન્દ્રિયો-અંતઃકરણની ગુલામીમાં સબડતા આત્માને મહારાજ અને મોટાપુરુષે નિર્ભય કરી, પરભાવની રક્ષા કરી છે. પણ અવરભાવમાં જે મહારાજ ને મોટાપુરુષને આજ્ઞાધીન હોય તેની કેવી રક્ષા કરે છે તે પર ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ તા. ૩૧-૮-૨૦૨૩ની પૂનમની સભામાં લાભ આપ્યો હતો તે સંકલિત દિવ્યવાણીને વાગોળી આપણે આજ્ઞાપાલક થઈએ.

સર્વેની રક્ષા કરનારા રાજાધિરાજ સ્વામિનારાયણ ભગવાન છે. જેમ પાંપણ આંખની રક્ષા કરે છે એમ મહારાજ અને મોટા સદાય આપણી રક્ષામાં છે. પણ આજના દિને સેવકભાવે મહારાજ પાસે માગીએ :

હે સર્વના આધારા, હે રાજાધિરાજ, અમારી બાંય (કાંડું) તમે ઝાલી છે, કદી છોડતા નહિ પ્રભુ. સદાકાળ પકડી રાખજો. જેનો હાથ તમે ઝાલ્યો તેની સર્વે ચિંતા તમારી છે નાથ. મૂર્તિમાં રાખીને સ્થિતિ કરાવજો પ્રભુ. અમારા દોષો-સ્વભાવો સામે જોયું નથી. અનેક ભૂલોથી ભરેલા છીએ. અમારી બાંય પકડી રાખજો. જો અમે તમારા રહીએ તો તમને કહેવાની જરૂર નથી કે રક્ષા કરજો. આપ રક્ષા કરો જ છો.

પંચાળાના ઝીણાભાઈનો અંતકાળ સમો હતો. શ્રીજીમહારાજે વચન આપ્યું હતું કે તમારી નનામી અમારા ખભે ઉપાડીશું. તેથી મહારાજ ઝીણાભાઈને તેડવા પધાર્યા. મહારાજે ઝીણાભાઈને પૂછ્યું, “તમારે અમને હઠીની (તેમના દીકરાની) કાંઈ ભલામણ કરવી છે ?” ઝીણાભાઈએ કહ્યું, “મહારાજ, હઠી જો તમારો રહેશે તો મારે ભલામણ કરવાની કોઈ જરૂર નથી. જે તમારો થાય તેની ચિંતા તમે કરો જ છો. અને હઠી જો તમારો નહિ રહે તો મારી ગમે એટલી ભલામણ હશે તોય કામમાં આવવાની નથી. માટે હું તો હઠીને ભલામણ કરું છું કે, તું મહારાજનો થઈને રહેજે.” અમે બે હાથ જોડીને વિનંતી કરીએ છીએ કે દીકરાઓને સંપત્તિ ઓછી-વધુ આપશો તો ચાલશે પણ એટલી ભલામણ કરજો કે, મહારાજ ને મોટાના થઈને રહેજો. એમાં બધુંય આવી ગયું. જુદું માગવું નહિ પડે કે પ્રભુ અમારી રક્ષા કરજો. ‘જેને જેનો આશરો તેને તેની લાજ.’ એમના થઈને રહીશું તો અવરભાવ-પરભાવ બંનેની ચિંતા એ રાખશે જ. એમાં કોઈ બે મત નથી.

મહારાજ ને મોટા રક્ષા કોની કરે અને ક્યારે કરે ? તો

શ્રીજીમહારાજે ગઢડા પ્રથમના ૧૫મા વચનામૃતમાં કહ્યું છે કે, "જેના હૈયામાં ભગવાનની (અમારી) ભક્તિ (મહિમા) હોય તેને એવી વૃત્તિ રહે જે, ભગવાન તથા સંત તે મુને જે જે વચન કહેશે તેમ જ મારે કરવું છે એમ તેના હૈયામાં હિંમત રહે, અને આટલું વચન મુથી મનાશે ને આટલું વચન નહિ મનાય એવું તો ભૂલે પણ ન કહે."

મહારાજ અને મોટાનું અલ્પ વચન લોપાય નહિ એ જ મહિમા. જેને મહિમા હોય તે જીવનમાં શિક્ષાપત્રીની કોઈ આજ્ઞા લોપે નહીં. મોટાપુરુષનું અલ્પ વચન; ચાહે એ વચન પળાય એવું હોય કે ન પળાય એવું હોય પરંતુ તેના હૈયામાં બળ હોય કે મારે અલ્પ વચન પણ લોપવું નથી. આવા હરિભક્તની શ્રીજીમહારાજ અને મોટાપુરુષ પળે પળે રક્ષા કરતા હોય.

ઈ.સ. ૧૯૯૫ના બાપાશ્રી મહોત્સવ વખતે ગુરુદેવ પ.પૂ. બાપજી હરિભક્તોને ધનની સેવાની નાની-મોટી આજ્ઞા કરતા. ગુરુદેવ પ.પૂ. બાપજીએ સેવકને (ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીને) કહ્યું, "હરિભક્તોનું લિસ્ટ લઈ આવો." લિસ્ટ જોતાં એક હરિભક્તનું નામ આવ્યું તે જોઈ ગુરુદેવ પ.પૂ. બાપજી બોલ્યા, "સ્વામી, આમને કહેવાનું તો રહી ગયું. પણ આ હરિભક્તની આર્થિક સ્થિતિ નબળી છે. ઑટોરિક્ષા ચલવી ઘરનું પૂરું કરે છે. માટે તું તેમને કહી દેજે કે તમારી ધનની સેવા લેવાની નથી. તમે મહોત્સવમાં તનની સેવા કરશો તો મહારાજ તમારા લાખો-કરોડો જમા લઈ લેશે."

રવિ સભામાં ઑટોરિક્ષા ચલાવનાર હરિભક્ત આવ્યા. તેમને જોઈ ગુરુદેવની આજ્ઞાની સ્મૃતિ થતાં અમે (ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ) તે વાત કરવા તેમને નજીક બોલાવ્યા. ત્યાં તો તેમણે સામેથી કહ્યું, "સ્વામી, હું અળખામણો છું ? પારકો છું ?" "દયાળુ, કેમ આવું બોલો છો ?" "સ્વામી, બાપજીએ બધાય હરિભક્તોને બોલાવીને નાની-મોટી સેવા આપી છે તો મેં શું ગુનો કર્યો ? હું બાપજીના લિસ્ટમાં કેમ નથી ?" ત્યારે અમે (ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ) કહ્યું, "તમે બાપજીના લિસ્ટમાં છો જ પણ મહારાજે તમારો વ્યવહાર દૂબળો રાખ્યો છે એટલે તમારી ધનની નહિ; તનની સેવા લેવાની છે. બાપજીએ કહ્યું છે તમે મહોત્સવમાં પંદર દિવસ સેવા કરશો એમાં મહારાજ તમારી લાખો-કરોડોની સેવા જમા કરી દેશે." પરંતુ હરિભક્તે આગ્રહ કર્યો કે, "સ્વામી, મારા ઘેર દીકરા-દીકરીનાં લગ્ન હોય તો આઘુંપાછું કરીનેય પૂરું કરીએ તો આ મારા બાપાશ્રીનો પ્રસંગ છે. મને જીવનમાં પહેલી વાર તક મળી છે માટે વિના સંકોચે કંઈક સેવા આપો. બાપજીના મુખમાંથી જે વચન નીકળશે તેને અધ્ધરથી ઝીલી લઈશ. હેઠું નહિ પડવા દઉં."

સભા બાદ હરિભક્તને ગુરુદેવ પ.પૂ. બાપજીના આસને લઈ જઈ બધી વાત કરી. ગુરુદેવે ખૂબ રાજીપો આપી કહ્યું, "ભગત, સાંભળો. હું કહું તેમ કરશો ? વચન અધ્ધર ઝીલવાનું હોય તો કહું." હરિભક્તે ખુમારીથી કહ્યું, "બાપજી, આપ કહો એમ જ કરવાનું છે." ગુરુદેવ પ.પૂ. બાપજીને તેમની દરિદ્રતા ટાળવી હતી, સુખી કરવા હતા તેથી કહ્યું, "૧,૧૧,૧૧૧ની સેવા મહારાજ તમારી પાસેથી લેવા માગે છે." હરિભક્ત તો હરખાતા હૈયે નાચવા લાગ્યા પણ આટલા બધા પૈસા ક્યાંથી આપીશ તેની લગીરેય ચિંતા નહીં. અમે (ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ) બાપજીને પ્રાર્થના કરી ત્યારે ગુરુદેવે અમને (ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીને) કહ્યું, "સ્વામી, અમારે મરેલાને જીવતો કરવો છે." હરિભક્તને પણ રાજી થકા આશીર્વાદ આપ્યા કે, "જા, ભગવાનનુંય થશે ને તારુંય થશે." અમે (ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ) બહાર આવી હરિભક્તને કહ્યું, "ભાઈ, તમે ચિંતા ન કરશો. તમારે થાય તો દર મહિને ૫૦, ૫૦ રૂપિયા જમા કરાવી ૧૧૧૧ રૂપિયાની સેવા કરજો. બાપજીને સેવક પ્રાર્થના કરશે." ત્યારે હરિભક્તે ખુમારીપૂર્વક કહ્યું, "બાપજીના મુખે મહારાજ બોલ્યા છે માટે મહારાજ કરશે જ. આટલી જ સેવા કરવાની છે. મને લગીરેય ચિંતા નથી."

આ વાતને દોઢ વર્ષ થઈ ગયું. આ સેવા જમા કરાવવા માટે હરિભક્તે વર્ષોથી ગામડાનું મકાન લાખ રૂપિયામાં વેચવા કાઢેલું પણ કોઈ ઘરાક મળે નહીં. છેલ્લે તો મકાન ૩૭૦૦૦માં વેચવા કાઢેલું તોય કોઈ લે નહીં. બાર મહિનાથી એક ડૉક્ટરને આ મકાન ભાડે આપેલું. ડૉક્ટરે આ મકાનમાં દવાખાનું કરેલું ને રહેવા માંડ્યા ત્યારથી બાર મહિનામાં તેમના બધા જ પ્રશ્નો ટળી ગયા તેથી મકાન શુકનિયાળ જાણી સામેથી પાંચ લાખ રૂપિયા આપી ખરીદી લીધું. હરિભક્તે ગુરુદેવ પ.પૂ. બાપજીની આજ્ઞા અધ્ધરથી ઝીલી તો તેમને મહારાજની સેવા તો થઈ પણ એ હરિભક્તનું દારિદ્ર ટળી ગયું. આજે તેઓ સાડા ત્રણ કરોડના બંગલામાં રહે છે. ઘરમાં ચાર ગાડી છે. મોટાપુરુષનું વચન અધ્ધરથી ઝીલ્યું તેનો આ પ્રતાપ.

મહારાજ ને મોટાની આપણા જીવનમાં શું જરૂર છે ? બધે પૈસો કામમાં આવતો નથી. બધે લાગવગ કામ આવતી નથી. મહારાજ ને મોટાની લાગવગ કામ લાગે છે. સલવાઈએ ત્યારે જ મહારાજ ને મોટાનો ખપ રાખવો એમ નહિ; કાયમી મહારાજ ને મોટાની જરૂર રાખવી તો પળે પળે રક્ષા કરશે.

સાચો ભક્ત બનીને નામ જપશે,
પ્રેમે સ્વામિનારાયણ નામ ઉચ્ચરશે રે;
તેનાં દુઃખ સદા હરનારા, હે ભક્તિ ધર્મદુલારા.

જે મહારાજના ખરા ભક્ત હોય, જે એમના ગમતામાં વર્તે તેની રક્ષા મહારાજ કરે જ છે. પરંતુ જે ગમતામાં ન વર્તે તેની રક્ષા મહારાજ ને મોટા કરતા નથી.

ઈ.સ. ૨૦૧૫-૧૬ની વાત છે. ગુરુદેવ પ.પૂ. બાપજી દર શુક્રવારે સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર લાભ આપવા પધારતા. એક ૨૦-૨૨ વર્ષનો કિશોર ગુરુદેવનો હસ્ત પકડવાની સેવા માટે ગાડી આગળ સૌથી પહેલો ઊભો રહે. બીજા બે-ત્રણ હરિભક્તો પણ ઊભા હોય. ગુરુદેવ કિશોરને સેવા ન આપે. આવું ચાર-પાંચ વાર બન્યું એટલે એ કિશોર અમારી (ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી) જોડે રડતો રડતો આવ્યો, "મારી શું ભૂલ છે ? તો મને બાપજી એમનો હસ્ત પકડવાની સેવા આપતા નથી ?"

ત્યારે અમે (ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ) કહ્યું, "જો, મોટાપુરુષ તો અંતર્યામી હોય. તારી ક્યાંક ભૂલ થતી હશે એટલે જ તારો હાથ બાપજી નહિ પકડતા હોય." કિશોરને પસ્તાવો થયો, "સ્વામી, મારાથી અવેરી વર્તમાન લોપાય છે, હું કૉલેજમાં ભણું છું તો મારાથી વિજાતિ મિત્રનો સંગ થયો છે. મારી ભૂલને બાપજી જોડે માફ કરાવો."

બીજા શુક્રવારે ગુરુદેવ પ.પૂ. બાપજી આગળ એ કિશોરને લઈ જઈ બધી વાત કરી. ગુરુદેવ પ.પૂ. બાપજી તેની સામું પણ ન જુએ. કિશોરે રડતાં રડતાં કહ્યું, "બાપજી, મારી સામે તો જુઓ." ત્યારે ગુરુદેવ પ.પૂ. બાપજીએ કહ્યું, "શું સામું જુએ. તે કેવાં પાપ કર્યાં છે તને ખબર છે !" ત્યારે કિશોર વતી અમે (ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ) ગુરુદેવ પ.પૂ. બાપજીને પ્રાર્થના કરી, "બાપજી, હવે આ ભૂલ નહિ કરે. એને પસ્તાવો થાય છે; માફી માગે છે. માટે આપ એને પ્રાયશ્ચિત્ત આપો. બાપજી, જીવ તો ભૂલેલો છે આપ તો દયાળુ છો." ત્યારે ગુરુદેવ પ.પૂ. બાપજી થોડા આકરા થતાં બોલ્યા, "દયાનો દુરુપયોગ કરે છે, બે વર્ષ પહેલાંય માફ કર્યોતો હજુ ભૂલો કરે છે." છતાં ગુરુજીએ ખૂબ પ્રાર્થના કરી તેથી ગુરુદેવ પ. પૂ. બાપજીએ તેને માફ કર્યો. પણ ગુરુદેવ પ.પૂ. બાપજી બોલ્યા, "જો સાંભળ, હવે આવી ભૂલ થશે તો તને રોતાય નહિ આવડે, આ ભૂલ નથી. તું રીઢો થઈ ગયો છે."

ગુરુદેવ પ.પૂ. બાપજી અંતર્ધાન થયા છતાંય એણે એ ધંધો ન છોડ્યો; ભૂલો ચાલુ રાખી. આજે ભયંકર અસાધ્ય રોગથી રિબાય છે.

આપણને જેટલી આબરૂની બીક છે તેટલી ભગવાન ને સત્પુરુષ જોઈ રહ્યા છે એની બીક રાખવી. આ બીક રાખશો તો કદી પ્રાર્થના કરવી નહિ પડે કે રક્ષા કરજો. એ રક્ષા કરે, કરે ને કરે જ.

એકાંત, અંધારું ને અતિપરિચયથી ખૂબ છેટા રહેજો. અત્યારે કળિયુગમાં કામનો બહુ પ્રભાવ છે. ભલભલા લપસી પડ્યા છે. નિરંતર મોટાપુરુષનો, સંતોનો સંગ રાખજો, કથાવાર્તાનું અંગ રાખજો. સાધનકાળમાં રહેલા કોઈ પણ સાધુ કે હરિભક્ત હોય તેને નિરંતર જોગ-સમાગમ જોઈએ જ. જોગ હશે તો વિચાર આવશે અને બ્રેક વાગશે.

અંતમાં મહાપ્રભુને પ્રાર્થના કરીએ કે અમે આડાઅવળા ચાલ્યા તોય આપે પકડી રાખ્યા છે, અમને છોડ્યા નથી. હે મહારાજ, હે ગુરુદેવ, તમે અમારાં આ લોક-પરલોકનાં માવતર છો, પળે પળે અમારી રક્ષા કરજો. અમારી ખરી વેળાનો ખજીનો છો, દાસના બેલી છો, અમારા રક્ષણહાર છો, રક્ષા કરો... રક્ષા કરો... રક્ષા કરો...

## દિવાળી ચોપડાપૂજન


શ્રી ઘનશ્યામ મહાપ્રભુના દિવ્ય સાંનિધ્યમાં દીપાવલીના દિવસે દર વર્ષે ચોપડાપૂજનનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે એસ.એમ.વી.એસ. સંસ્થાના દેશ તથા વિદેશના તમામ સેન્ટરોમાં તા. ૧૨-૧૧-૨૦૨૩ ને રવિવારના રોજ સવારે ૮થી ૧૦ દરમ્યાન એકસાથે ઑનલાઇન Zoom દ્વારા ચોપડાપૂજનનો લાભ મળશે. જેમાં તમામ ગૃહસ્થ સત્સંગી વેપારીબંધુઓએ પોતાના નજીકના સેન્ટરમાં અગાઉથી નામ નોંધાવી દેવું. તેમજ આ દિવસે પોતાની સાથે વેપાર-ધંધાના, ઑફિસના કે ઘર માટેના ચોપડા, દૈનિક રોજમેળ, વાર્ષિક ખાતાવહી વગેરે લઈને અવશ્ય પધારવું. આ પ્રસંગે વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના દિવ્ય આશીર્વાદથી પૂ. સંતો તમામ ચોપડાને પ્રસાદીભૂત કરશે. આ અણમોલ અવસરે પધારવા ભાવભર્યું નિમંત્રણ છે.

**સમય :** સવારે ૮થી ૧૦

**સ્થળ :** સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર

**ખાસ નોંધ :** ચોપડાપૂજન બાદ સવારે ૧૦થી ૧૧ વાગ્યા દરમ્યાન સદ્. ઈશ્વરબાપા સ્મૃતિ દિન ઊજવાશે. જેનો લાભ એસ.એમ.વી.એસ. યૂ-ટ્યૂબ ચૅનલ પરથી લાઇવ કરવામાં આવશે.

સૌ મુક્તોએ પોતપોતાના સેન્ટરમાં અચૂક સમયસર પહોંચી આ લાભ લેવો અને લેવડાવવો. વધુ માહિતી માટે આપના સેન્ટરના અગ્રેસર મુક્તોનો સંપર્ક કરવો.



# વચનામૃત સાર

## લોયા : ૩ (ભાગ - ૧)

સ્વામિનારાયણ હરે

**વચનામૃત :** તે સમયને વિષે શ્રીજીમહારાજને ભગવદાનંદ સ્વામી તથા શિવાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, **ભગવાન તથા સંત તેનો જેને મહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચય હોય તેનાં શાં લક્ષણ છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, જેને ભગવાનનો ને સંતનો મહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચય હોય તેથી ભગવાનને અર્થે ને સંતને અર્થે શું ન થાય ? એને અર્થે કુટુંબનો ત્યાગ કરે, લોક-લાજનો ત્યાગ કરે, રાજ્યનો ત્યાગ કરે, સુખનો ત્યાગ કરે, ધનનો ત્યાગ કરે, સ્ત્રીનો ત્યાગ કરે અને સ્ત્રી હોય તે પુરુષનો ત્યાગ કરે.**

**વિશ્લેષણ :**

હવે આપણે ગુરુદેવ પ.પૂ. બાપજી આ વચનામૃતમાં જે શ્રીજીમહારાજનો રહસ્ય અભિપ્રાય સમજાવતા તેને સમજીએ. સૌપ્રથમ ભગવદાનંદ સ્વામી અને શિવાનંદ સ્વામીએ પૂછેલા પ્રશ્નને સમજીએ. તેઓએ પ્રશ્ન પૂછ્યો છે કે, ‘‘ભગવાન તથા સંત તેનો જેને મહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચય હોય તેનાં શાં લક્ષણ છે ?’’

આ પ્રશ્નમાં નિશાન વગરનો ભડાકો છે. ‘ભગવાન’ શબ્દ વાપર્યો છે. પણ કયા ભગવાન તેની સ્પષ્ટતા નથી કરી. આના કારણે દરેક વ્યક્તિ પોતાની સમજણ પ્રમાણે જુદું જુદું સમજે. માટે પ્રથમ બંને સંતોએ અહીં ભગવાન શબ્દ કોના સંદર્ભમાં ઉચ્ચાર્યો છે તે સમજવું પડે. ખરેખર તો આ બહુ સીધી વાત છે. ભગવદાનંદ સ્વામી અને શિવાનંદ સ્વામીના ભગવાન કોણ હતા ? શ્રીજીમહારાજ. તો પછી તેમનો પ્રશ્ન મહારાજને અનુલક્ષીને જ હોય ને ! આપણે તો દરેક વાતને છેક પહોંચાડી દેવી એને જ ચોખ્ખી સમજણ કહેવાય.

હવે આગળ પ્રશ્નને સમજીએ. અહીં કહ્યું કે ‘ભગવાન અને સંતનો મહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચય’. આમાં ચાર બાબતો સમજવી પડે. એક ભગવાનનું જ્ઞાન એટલે શું ? બીજું ભગવાનનું મહાત્મ્ય એટલે શું ? ત્રીજું સંતનું જ્ઞાન એટલે શું ? અને ચોથું સંતનું મહાત્મ્ય એટલે શું ?

સૌપ્રથમ જ્ઞાન એટલે શું ? તેને વિગતે સમજીએ. જ્ઞાન એટલે ઓળખ. એના વગર મહાત્મ્ય સમજાય જ નહીં. દૃષ્ટાંત

દ્વારા સમજીએ તો બાળકને રૂપિયાનું જ્ઞાન નથી તો તેને એનું કોઈ મૂલ્ય નથી. બાળકના હાથમાં બે હજારની નોટ આપી હોય તો બીજા કાગળની જેમ ડૂચો વાળીને ફેંકી જ દે કે ફાડી નાખે. પરંતુ મોટી વ્યક્તિને આપી હોય તો તે સાચવીને ખિસ્સામાં મૂકે. કેમ ? તો એને એનું જ્ઞાન છે કે આ સામાન્ય કાગળ નથી; રૂપિયા છે. ભલે એ નોટના બધા જ ગુણધર્મો કાગળના જ છે. તે ફાટી જાય, પલળી જાય, સળગી જાય વગેરે. પરંતુ તેને રૂપિયાનું જ્ઞાન છે તેથી તેનું મૂલ્ય સમજાય છે અને તેની દૃષ્ટિ બદલાઈ જાય છે.

આમ, ભગવાનના સ્વરૂપનું જ્ઞાન એટલે ભગવાનના સ્વરૂપની ઓળખ. ભગવાન કોણ છે ? કેવા છે ? વગેરેની સ્પષ્ટતા અને દૃઢતા. તો હવે શ્રીજીમહારાજ કેવા છે ? તેનું જ્ઞાન સમજીએ. ટૂંકમાં કહીએ તો શ્રીજીમહારાજને અનંત દિવ્ય ગુણે સહિત સમજવા તે એમનું જ્ઞાન કહેવાય. દિવ્ય ગુણો કયા ? તો શ્રીજીમહારાજ સર્વોપરી છે, સર્વાવતારી, સનાતન, સર્વ કારણના કારણ છે, અખંડ અને અવિનાશી છે તેમજ દિવ્ય છે, દિવ્યાતિદિવ્ય મૂર્તિ છે, કર્તા, અકર્તા, અન્યથા કર્તા છે. આવા દિવ્ય કલ્યાણકારી ગુણે યુક્ત સમજવા તે મહારાજના સ્વરૂપનું જ્ઞાન કહેવાય. આવું મહારાજના સ્વરૂપનું જ્ઞાન સમજવાથી એમને વિષે રહેતો મનુષ્યભાવ તથા પ્રતિમાભાવ દૂર થાય છે અને પતિવ્રતાની ભક્તિ-અનન્ય ભક્તિ દૃઢ થાય છે. તેને જ શ્રીજીમહારાજના વ્યતિરેક સ્વરૂપનો સંબંધ થાય છે. જેને શ્રીજીમહારાજના સ્વરૂપનું આવું જ્ઞાન નથી તે તો કેવળ પ્રાકૃત ગુણ બુદ્ધિવાળા છે.

હવે ભગવાનનું મહાત્મ્ય કોને કહેવાય ? તે સમજીએ. મહાત્મ્ય એટલે મોટપ. મહાત્મ્ય એટલે અહોભાવ, આનંદ. મહાત્મ્ય એટલે પ્રાપ્તિનો કેફ, મસ્તી. વચનામૃતના પ્રશ્નમાં મહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચય એવો શબ્દ વાપર્યો છે. જેનો સ્પષ્ટ અર્થ થાય છે કે મહાત્મ્ય વગરનું જ્ઞાન પાંગળું છે અને જ્ઞાન વગરનું મહાત્મ્ય પાંગળું છે. એકલું જ્ઞાન શુષ્ક રાખે. તેમાં અહમ્‌ની પુષ્ટિ થાય. ખબર છે એટલામાં જ પૂર્ણતા મનાઈ જાય. ચાસણી વગરની જલેબી અને ગુલાબજાંબુ જેવી સ્થિતિ એટલે માત્ર જ્ઞાન સમજવાની સ્થિતિ. જ્ઞાનમાં જ્યારે મહાત્મ્યરૂપી ચાસણી ચડે ત્યારે તેનો આનંદ-કેફ આવે છે.

અન્ય દૃષ્ટાંતથી સમજીએ તો રૂપિયાનું જ્ઞાન હોય પરંતુ પોતાની જોડે રૂપિયા ન હોય તો એનો આનંદ નથી આવતો. એમ મહારાજ સર્વોપરી, સર્વ અવતારના અવતારી, સર્વ કારણના કારણ છે, દિવ્યાતિદિવ્ય સ્વરૂપ છે. એટલું સમજવાથી આનંદ નથી આવતો. પરંતુ આવા મોટા મહારાજ મને મળી ગયા છે. અરે એટલું જ નહિ મને એમના જેવો કરી દીધો છે. આવું મહાત્મ્ય સમજાય ત્યારે આનંદની શેડ્યો છૂટે. બાકી મારા બાપ કરોડપતિ ને હું ભિખારી એમાં શું વળે !

આવો, મહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચય દૃઢ કરવા માટે કેવી સમજણ, કેવા વિચાર કરવા તે વધુ ઊંડાણથી સમજીએ.

શ્રીજીમહારાજના બે સ્વરૂપ છે. એક અન્વય સ્વરૂપ અને બીજું વ્યતિરેક સ્વરૂપ. શ્રીજીમહારાજના વ્યતિરેકના સંબંધવાળા ચાર વર્ગના છે. જેમાં સૌપ્રથમ અનાદિમુક્તો છે. જેઓ શ્રીજીમહારાજની મૂર્તિમાં રસબસભાવે રહ્યા છે. આ અનાદિમુક્તો અનંત છે. તેઓ અનાદિકાળથી મૂર્તિનું સુખ લીધા જ કરે છે. તેમને નિત્ય નવીન નવીન સુખ આવે છે. છતાંય મૂર્તિમાંથી રંચમાત્ર સુખ ઓછું થતું નથી. આ અનંત મુક્તો સુખના ભોક્તા છે ને શ્રીજીમહારાજ સુખના દાતા છે; જે એક જ છે. આમ, અનંત અનાદિમુક્તો ભેગા થાય તોય એકની તોલે ના આવે. તો શ્રીજીમહારાજની સામર્થી કેટલી અનંત-અપાર હશે ?

આમ, સ્વામી એ સ્વામી ને સેવક એ સેવક. જો સ્વામી એવા શ્રીજીમહારાજને લઈને આવા અનંત અનાદિમુક્તો થયા છે એવું સમજાય તો મહારાજને ગૌણ કરી કદી સંતનો કે મુક્તનો મહિમા વધી ન જાય. એમને કદી ભગવાનનું ટાઈટલ ન આપે. એટલે જ ગુરુદેવ પ.પૂ. બાપજી કાયમ કહેતા કે, “ધ્યાન, ભજન ને ઉપાસના અને સ્વામી, દાતા ને નિયંતા આ છ ટાઈટલ ભગવાન સિવાય કોઈને લાગુ ન પડે.”

આવા અનંત અનાદિમુક્તો મૂર્તિમાં રહીને મૂર્તિનું સુખ લે છે. જ્યારે પરમએકાંતિક મુક્ત સન્મુખ રહ્યા થકા મૂર્તિનું સુખ લે છે. બંને મુક્તો સિદ્ધદશામાં છે. પરંતુ અનાદિમુક્તનું સુખ સિંધુને ઠેકાણે છે જ્યારે પરમએકાંતિક મુક્તનું સુખ બિંદુને ઠેકાણે છે. આમ, અનાદિમુક્તનો મહિમા સમજાય તો પરમએકાંતિકની સ્થિતિ પણ ગૌણ થઈ જાય, એને પામવાની ઈચ્છા પણ ન રહે.

પરમએકાંતિક મુક્ત સિદ્ધદશામાં છે જ્યારે એકાંતિક ભક્ત સાધનદશામાં છે. આમ, એકાંતિક કરતાં પરમએકાંતિક અનંતગણા મોટા છે. આમ, પરમએકાંતિકનો મહિમા સમજાય તો એકાંતિક ગૌણ થઈ જાય.

એકાંતિક બ્રહ્મ રૂપે વર્તે છે જ્યારે ચાલોચાલ દેહ રૂપે વર્તે છે.

આમ, એકાંતિક આગળ ચાલોચાલની ગૌણતા થઈ જાય. આ થઈ વ્યતિરેક સ્વરૂપની વાત. હવે આગળ અન્વય સ્વરૂપની વિગત જોઈએ.

ગમે તેમ તોય ચાલોચાલને શ્રીજીમહારાજના વ્યતિરેક સ્વરૂપનો સંબંધ છે. જ્યારે અનંત ઐશ્વર્યાર્થીઓને શ્રીજીમહારાજની એક કિરણનો સંબંધ છે. એમાંય બધાને કિરણનો એક સરખો સંબંધ નથી; ઉત્તરોત્તર સંબંધ છે. આ સર્વે અનંતાનંત છે.

આમ, શ્રીજીમહારાજની કિરણની સામર્થી કેટલી અપાર છે ? જો એક કિરણની સામર્થી આટલી હોય તો આખા તેજની સામર્થી કેટલી હશે ? છતાં તેજ તો કાર્ય છે અને શ્રીજીમહારાજ તો કારણ છે. તો પછી શ્રીજીમહારાજની સામર્થી કેટલી અપાર કહેવાય ? આ અન્વય સ્વરૂપે શ્રીજીમહારાજનું મહાત્મ્ય કહેવાય.

આવા મોટા શ્રીજીમહારાજ છે અને એમણે મારી ઉપર કેટલી કૃપા કરી કે મને અન્વય સ્વરૂપમાં તો ન રહેવા દીધો પરંતુ વ્યતિરેક સ્વરૂપના સંબંધવાળામાંય ચાલોચાલ નહિ, એકાંતિક નહિ, પરમએકાંતિકેય નહિ, એમના જેવો પુરુષોત્તમરૂપ અનાદિમુક્ત કરીને મૂર્તિમાં રોમ રોમપણે, રસબસભાવે રાખી લીધો છે. હવે મહારાજનો નંબર પહેલો અને મારો નંબર બીજો.

આ મહારાજ અધ્ધર આકાશમાં નથી, મરીને ધામમાં જવાનું છે એવું નથી. હું જે મૂર્તિનાં દર્શન કરું છું એ જ પ્રગટ અને સાક્ષાત્ છે. એટલું જ નહિ એ સામે છે એય અધૂરું. મારા દેહને પાડીને આત્માને (મને) અનાદિમુક્ત કરીને દેહના સ્થાને આવીને બિરાજમાન થઈ ગયા. રોમ રોમપણે એકતા કરી દીધી. હવે મારે કાંઈ કરવાનું બાકી નથી. હું સંપૂર્ણ કૃતાર્થ છું. આવું જીવસત્તાએ સમજાય ત્યારે મહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચય થયો કહેવાય. (ક્રમશઃ)

## સંસ્થાનું ગૌરવ વધારનાર મુક્તોને અભિનંદન

**૧. સુરેન્દ્રસિંહ બળવંતસિંહજી કુંપાવત – ગોધરા**

સુરેન્દ્રસિંહ કુંપાવત પંચમહાલ જિલ્લામાં ગોધરા ખાતે Dy. SP તરીકે ફરજ બજાવી રહ્યા છે. તેઓ વ્હાલા ગુરુજી, પૂ. સંતો તથા એસ.એમ.વી.એસ. પરિવાર સાથે ઘણા મમત્વભાવથી જોડાયેલા છે. ન્યાયના સિદ્ધાંતોને જાળવી રાખી સમાજની સલામતીની ખાતરી માટે તેઓના સમર્પણ, સખત મહેનત અને અતૂટ પ્રતિબદ્ધતાને ગુજરાત સરકાર દ્વારા બિરદાવવામાં આવી છે. તેઓના અસાધારણ નેતૃત્વ, ઉત્કૃષ્ટ યોગદાન બદલ ગુજરાત રાજ્યના માનનીય ગૃહમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીના વરદ હસ્તે પોલીસ ખાતામાં પ્રતિષ્ઠિત રાષ્ટ્રપતિ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો. આ અસાધારણ સિદ્ધિ બદલ એસ.એમ.વી.એસ. પરિવાર તરફથી આપને ખૂબ ખૂબ અભિનંદન. તેઓ પોતાની કારકિર્દીમાં યશસ્વી સફળતા પ્રાપ્ત કરતા રહે તેવા ગુરુજીએ આશીર્વાદ પાઠવ્યા છે.

**૨. રમેશભાઈ બદામીલાલ ચૌહાણ – નરસિંગપુર (સંતરામપુર)**



સંતરામપુર સત્સંગ મંડળમાં યુવક મંડળના સંચાલક તરીકે સેવા બજાવી રહેલા રમેશભાઈ બદામીલાલ ચૌહાણે સમસ્ત ગુજરાત રાજ્યના શિક્ષકોમાંથી શ્રેષ્ઠ કામગીરી કરવા બદલ ચુનંદા ૩૫ શિક્ષકોની યાદીમાં સ્થાન પ્રાપ્ત કર્યું છે. ૫, સપ્ટેમ્બર 'શિક્ષક દિન'ના દિવસે તેઓને ગુજરાત રાજ્યના મહામહિમ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત તથા માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વરદ હસ્તે 'ગુજરાત રાજ્ય શ્રેષ્ઠ શિક્ષક' પારિતોષિકથી સન્માનિત કરવામાં આવ્યા હતા. સંસ્થાનું ગૌરવ વધારવા બદલ તેઓને ખૂબ ખૂબ અભિનંદન. મહાપ્રભુના ચરણોમાં એ જ પ્રાર્થના કે તેઓ તેમની ઉજ્જવળ કારકિર્દીમાં યશકલગી ઉમેરતા રહે.

**૩. મનિષભાઈ ભરતભાઈ ત્રિવેદી – સુરત**



સુરત સત્સંગ મંડળના યુવકમુક્ત મનિષભાઈ ભરતભાઈ ત્રિવેદીને ગુજરાત શાળા સમસ્તના આચાર્યશ્રીઓમાંથી શ્રેષ્ઠ કામગીરી કરવા બદલ શ્રેષ્ઠ ૧૦૦ આચાર્યોમાં પસંદગી પામતાં EU મિડિયા દ્વારા ઍવૉર્ડ આપી બિરદાવવામાં આવ્યા હતા. સંસ્થાનું ગૌરવ વધારવા બદલ તેઓને ખૂબ ખૂબ ધન્યવાદ.

**૪. દિવ્યમ પ્રકાશભાઈ સોની – વાસણા**



વાસણા સત્સંગ મંડળના કિશોરમુક્ત એવા દિવ્યમ પ્રકાશભાઈ સોનીએ ગવર્નમેન્ટ પૉલિટૅકનિક કૉલેજમાંથી ડિપ્લોમા આઇ.ટી. ક્ષેત્રે ગુજરાત ટૅક્નૉલૉજી યુનિવર્સિટી (GTU) લેવલે પ્રથમ ક્રમાંકે ઉત્તીર્ણ થઈ સંસ્થાનું ગૌરવ વધારેલ છે. મહાપ્રભુના ચરણોમાં એ જ પ્રાર્થના કે તેઓ પોતાની ઉજ્જવળ કારકિર્દીમાં ઝળહળતી સફળતા પ્રાપ્ત કરે.



# મુમુક્ષુની મૂંઝવણ

જગતની રીત કરતાં મુમુક્ષુ અધ્યાત્મની રીત જુદી જુએ અને તેમાં મન સામે લડવાનું થાય ત્યારે મુમુક્ષુને મનમાં ઘણા પ્રકારના તર્ક ઊઠે છે. તેને સમાવવા મુમુક્ષુ જો સદ્‌ગુરુનો (સત્પુરુષનો) આશરો લે તો સર્વે સંતાપ ટળી જાય છે. અહીં એક મુમુક્ષુએ પોતાને અનુભવાતી મૂંઝવણને સદ્‌ગુરુને પત્ર દ્વારા જણાવી પ્રત્યુત્તર માગ્યો છે. તે પત્રને અહીં આલેખ્યો છે.

**મુમુક્ષુએ સદ્‌ગુરુશ્રીને લખેલ પત્ર :**

મારા પરમહિતેચ્છુ, મારા અતિ વ્હાલા ગુરુવર્યશ્રીના ચરણોમાં સાષ્ટાંગ દંડવત સહ કોટિ કોટિ પ્રણામ. સ્નેહભર્યા જય સ્વામિનારાયણ.

ગુરુજી, આપ મારા જીવનનૈયાની દીવાદાંડી અને સાચા રાહબર છો. જીવનમાં ક્યાંય પણ અટવાઉં કે કંઈક મૂંઝવણ અનુભવું ત્યારે તરત આપની પાસે દોડી આવવાનું મન થાય છે. આપે વળતા પત્રમાં મારી સંગ કરવા બાબતનું ભોળપણ અને આંધળું અનુકરણ કરવાની ક્ષતિ ઓળખાવી સંગ કરવાનો વિવેક શીખવ્યો હતો. હવે એ બદલ હું સદાને માટે આપનો ખૂબ ઋણી છું.

આપની શીખવેલ રીત પ્રમાણે હું દરેકનો સારી બાબતો શીખવા પૂરતો સંગ કરું છું. તેમની સારી બાબતો પર જ લક્ષ આપી ગ્રહણ કરવા પ્રયત્ન કરું છું તો જીવનમાં ઘણી સારી બાબતો કેળવાતી જાય છે. પરંતુ થોડા દિવસ પહેલાં હું આપનાં દર્શને આવ્યો હતો ત્યારે તમે વ્યક્તિના સંગ કરતાં પણ આધુનિક ઉપકરણનો સંગ સાવધાનીપૂર્વક કરવાનો કહ્યો હતો. એમાંય વળી મોબાઇલનો ઉપયોગ તો નછૂટકે જ કરવો એમ કહ્યું હતું. પણ ગુરુશ્રી મારું મન આ બાબત સ્વીકારવા તૈયાર થતું નથી. આજે અદ્યતન ટૅક્નૉલૉજી, આધુનિક ઉપકરણો છે તો દુનિયા છે. એનાથી જ આખી દુનિયા ધબકતી અને જીવંત રહે છે. શ્વાસમાં ઑક્સિજન વિના ન ચાલે તેમ જીવનમાં મોબાઇલ વિના એક ક્ષણ પણ કેવી રીતે ચાલે ?

પહેલાં તો ઊઠવા એલાર્મ અને સમય જોવા ઘડિયાળની જરૂર પડતી હતી; આજે મોબાઇલ. પહેલાં સ્ટડી માટે, નવું શીખવા લાઇબ્રેરીમાં થોથાં ફેંદવાં પડતાં. સાયબર કાફેમાં લાઇનમાં ઊભા રહેવું પડતું; આજે મોબાઇલમાં બધું મળી જાય. પહેલાં બિઝનેસની માહિતી મેળવવા દૂર દેશાવરમાં જવું પડતું.



સત્સંગની સ્થિરતાનો આધાર સમજણ પર છે.

એ માહિતી મોબાઈલમાં ક્લિક કરવાથી મળી જાય છે. બિઝનેસની ઍડ્વર્ટાઇઝ માટે લાખો રૂપિયા ખર્ચવા પડતા; આજે મોબાઈલથી દુનિયાભરમાં ઍડ્વર્ટાઇઝિંગ થઈ શકે છે. પહેલાં અજાણ્યા રસ્તામાં ટ્રાવેલિંગ કરતા ટૅન્શન રહેતું. દસ જણને પૂછવું પડતું; આજે મોબાઈલમાં GPS મૂકી દો ગાડી સડસડાટ દોડે. કોઈને પૂછવાની ઝંઝટ જ નહીં. પહેલાં આનંદ મેળવવા બહાર રખડવું પડતું; આજે આખી દુનિયા મોબાઈલમાં છે. આજે રેસિપિ જોઈએ કે જીવનની કોઈ પણ જરૂરિયાતની વસ્તુમાં મોબાઈલ એ All in one જવાબ છે. એની સાપેક્ષમાં આપ એમ કહો છો કે મોબાઈલનો નછૂટકે જ ઉપયોગ કરવો એ તમારા ઉજ્જવળ ભવિષ્ય માટે હિતાવહ છે પણ એ કેવી રીતે શક્ય બને ?

હા, મને ખબર છે કે સોશિયલ મિડિયાના ઇન્સ્ટાગ્રામમાં રિલ્સ કે યૂ-ટ્યૂબમાં નવું જોવા-જાણવામાં શોર્ટસ્-ફિલ્મ-ક્લિપસ્ જોવામાં કેટલીય સમયની બરબાદી થાય. ન જોવાનું જોવાઈ જાય એટલે તમે ના પાડો છો. પણ ઘઉંની સાથે કાંકરા આવે અને પોદળા સાથે ધૂળ પણ આવે એમ સારું જોવા-જાણવા કે મેળવવામાં ક્યાંક તો એ બધું વચ્ચે આવવાનું તો શું એના માટે થઈને મોબાઈલ છોડી દેવાનો ? તમે કહેશો એ માટે મનને સંયમમાં રાખવું પણ તે તો મારા હાથની વાત નથી. હું ગમે તેટલું કરું છતાંય મનને સંયમમાં રાખી શકતો નથી.

ગુરુજી, જ્યારથી આપનાં વચન સાંભળ્યાં છે ત્યારથી મોબાઈલ હાથમાં પકડતાં આંતરયુદ્ધ ચાલુ થાય છે. મોબાઈલ હાથમાં લઉં અને પાછો મૂકી દઉં. વળી, લઉં ને પાછો કાઢો થઈ મૂકી દઉં. છેવટે ન રહેવાતાં ડબલ વાપરી લઉં ત્યારે જંપ વળે. મોબાઈલ વગર રહેવાતું નથી. રાત્રે ઓશીકાની બાજુમાં ન હોય તો ઊંઘ આવતી નથી. હવે હું શું કરું મને કાંઈ સમજાતું નથી. મારા સઘળા પ્રશ્નોનો જવાબ આપ છો. તો મને આ અંગે શું કરવું તેનું વિશેષ માર્ગદર્શન આપવા કૃપા કરશો. ક્યાંક દલીલ થઈ ગઈ હોય, વધારે લખાઈ ગયું હોય તો ક્ષમા કરશો. રાજી રહેશો.

એ જ લિ.

આપના મુદ્રિતના સ્નેહભર્યા જય સ્વામિનારાયણ

**સદ્‌ગુરુશ્રીએ લખેલો વળતો પત્ર :**

મુદ્રિત,

ખૂબ સ્નેહભર્યા, હેતભર્યા જય સ્વામિનારાયણ. મુદ્રિત મોબાઈલના ઉપયોગ બાબતે તારા મનમાં આંતરયુદ્ધ ચાલી રહ્યું છે એ વાંચીને થોડું હસવું આવ્યું અને આનંદ પણ થયો કે તું તારા ઉજ્જવળ ભવિષ્ય માટે જાગૃત થયો છે. તને જરા પાછું વળીને જોવાનો વિચાર તો આવ્યો. આંતરયુદ્ધ એ સારી નિશાની છે.

મુદ્રિત, મનની એક વક્રતા છે કે તે આવે એટલું જોઈને, મળે એટલું સાંભળીને જીવનને ઉજ્જડ બનાવવા તૈયાર થઈ જાય છે પણ સાર-અસારનો વિવેક સમજવા તૈયાર નથી. મન મોબાઈલનો દુરુપયોગ કરી દુઃખી થવા તૈયાર છે, પણ સંયમ કેળવી જીવનને ઉન્નત બનાવવા તૈયાર નથી. ધારેલું ન મળતાં હતાશ થવા તૈયાર છે, પણ હકારાત્મક દૃષ્ટિકોણ કેળવવા તૈયાર નથી. એ વિષયની વેદના ભોગવવા તૈયાર છે, પણ મક્કમ થઈ યોગ્ય દિશામાં આગળ વધવા તૈયાર નથી. મન જીવને અવળે પાટે ચડાવી પોતાની સત્તા જમાવવામાં માહેર છે. માટે આ તારી બધી દલીલો એ મનની ફલશ્રુતિ છે. અવળે પાટે ચડતા અટકાવે છે તે આત્મા છે. જો તું જરા પણ ઢીલો પડ્યો તો સત્સંગમાંથી ક્યાંય ફંગોળાઈ જઈશ. જો એક વાર મનના ગમતા પ્રમાણે વર્તવા માંડીશ તો પછી મન તને ભગવાનમાં કદી જોડાવા નહિ દે. ભગવાનમાં પાટો ગોઠવા નહિ દે. ભક્તિમાંથી શુષ્ક કરી નાખશે. માટે મન ઉપર ખોટો ભરોસો મૂકવો નહિ; તેને જીતવાનો પ્રયત્ન કરવો. શ્રીજીમહારાજે સારંગપુરના ૧લા વચનામૃતમાં કહ્યું છે, **॥ જિતં જગત્ કેન મનો હિ યેન ॥** અર્થાત્ જેણે પોતાનું મન જીત્યું તેણે સર્વ જગત જીત્યું.'' માટે મનને જીતવા પ્રયત્ન કરજે.

બીજું, મોબાઈલ, ઇ-મેઈલ, ટેલિવિઝન કે કોઈ પણ સોશિયલ મિડિયા હોય એમાં ક્યાં કોઈ જીવંતતા છે ? તે લાગણીહીન અને સંવેદનહીન છે. અને જે તેનો દુરુપયોગ કરે તેને પણ એવા કરે છે. હજારો માઈલના અંતર ઘટ્યાં છે. પણ બે હૃદય વચ્ચેનાં અંતર વધ્યાં છે. હૃદય લાગણીહીન અને વિચારો સ્વકેન્દ્રિત થતા જાય છે. આવા તો અનેકાનેક ગેરફાયદાઓ થાય છે. કેટલાક લખું ? પણ એટલું તો ચોક્કસ છે કે મનના દોરવ્યા દોરવાઈને મોબાઈલનો દુરુપયોગ જરૂર અધોગતિની ખાઈમાં લઈ જાય છે. વ્યક્તિ પોતાના પગ ઉપર કુહાડો મારી પોતાની જાતે બરબાદી નોતરે છે.

હા, તને મારા આ શબ્દો જરૂર ભાલાની જેમ ભોંકાતા હશે. તું અમારો છે એટલે સાચી વાત તને કડવી લાગશે તોપણ કહીશું અને તું પણ એને મીઠી જાણીને સ્વીકારજે. સાચું કહું તો અમે આ સ્માર્ટફોનનો ઉપયોગ કરતા નથી પરંતુ એક યુવકે મને તેના સંયમી ઉપયોગ કરવા માટેનો આર્ટિકલ આપ્યો હતો તેની કોપી આ સાથે મોકલું છું. તે તને સંયમ કેળવવામાં જરૂર મદદરૂપ થશે.

**Prescription For Your Digital Detox !**

આજે બહુધા માનવી mobile addiction toxinથી(ઝેરી પદાર્થથી) પીડાય છે. આ ખતરનાક અને ઝડપી ફેલાતો toxin

છે. જે નથી જોતો ઉંમર, નથી જોતો ભણતર કે સમજણ.

શું તમે પણ આ ભયંકર toxinથી પીડાવ છો ? આજે જ ચેકઅપ કરો...

૧. શું તમારા દિવસની શરૂઆત અને અંત મોબાઇલના ઉપયોગથી થાય છે ?

૨. મોબાઇલમાં જેવું નોટિફિકેશન વાગે કે તરત તેને જોવાની તત્પરતા જાગે છે ?

૩. શું તમે બાથરૂમમાં પણ મોબાઇલનો ઉપયોગ કરો છો ?

૪. મોબાઇલમાં રિંગ ન વાગી હોય, નોટિફિકેશન ન આવ્યું હોય તોય તેના ભણકારા વાગે છે ?

૫. મુસાફરીમાં પોતાની જમવાની ચિંતા કરવા કરતાં મોબાઇલનું ચાર્જર-પાવરબેંક સાથે લેવાની ચિંતા વધુ રહે છે ?

૬. શું તમારો દિવસનો ૫૦-૯૦% data usage reels કે youtube videos જોવામાં થાય છે ?

૭. તમારો મોબાઇલ કોઈ લઈ લે તો વ્યાકુળતા, બેચેની અનુભવો છો ?

જો ઉપરના ત્રણ કે તેથી વધુ પ્રશ્નોનો જવાબ ‘હા’માં હોય તો તમે મોબાઇલ addictionના શિકાર બની ચૂક્યા છો. તેમ છતાં ગભરાવવાની જરૂર નથી. આ toxin આપણા જીવનમાંથી સરળતાથી દૂર કરી શકાય છે. કેવી રીતે ? તો નીચે આપેલા detoxificationના prescription દ્વારા. તેમાં લખેલી દવાને તમારે સતત ૨૧ દિવસ એક પણ બ્રેક પાડ્યા વગર લેવાની છે.

Prescription :

**૧. મનનો મક્કમ નિર્ધાર :** મારે આ toxinની ભયંકર પીડામાંથી મુક્ત થવું જ છે. એવો દૃઢ સંકલ્પ કરી તે માટે જે પગલાં લેવાં પડે તે લેવાં તૈયાર થવું. એ માટે સઘન પ્રયત્ન કરવા. મન સામે લડાઈ કરવી.

**૨. Track your usage time :** દિવસ દરમ્યાન કેટલો સમય તમે મોબાઇલનો ઉપયોગ ક્યાં કરો છો ? તે ‘Usage time’માં જઈને તપાસવું તો ખ્યાલ આવે કે કેટલો બિનજરૂરી સમય રિલ્સ કે શોર્ટ્સ્ જોવામાં બગડે છે ?

**૩. Smart use of Social media :** યૂ-ટ્યૂબ, ઈન્સ્ટાગ્રામ વગેરેમાં બિનજરૂરી ચૅનલો, પેજીસને unfollow કરી દેવા. એવી બધી sitesને block (બંધ) કરી દો.

**૪. Use blocking apps :** Blocking appsનો ઉપયોગ કરો જેથી તમારા Social mediaના નક્કી કરેલા સમય પછી એ દિવસ માટે એ block જ થઈ જાય. ત્યારે ખૂલે જ નહીં. જેથી તે પાછળ બગડતો સમય અટકે.

**૫. Night mode :** સૂવાના બે કલાક પહેલાં મોબાઇલનો ઉપયોગ ફરજિયાત બંધ કરી દેવો. મોબાઇલને ક્યારેય બેડરૂમમાં લઈ જ ન જાવ.

**૬. Switch Social media with other activities :** તપાસ્યું કે સોશિયલ મિડિયામાં કેટલો સમય વપરાય છે ? તો એ મૂલ્યવાન સમયને બીજી ક્રિએટિવ ઍક્ટિવિટી માટે વાપરવો. કોઈ સ્કિલને વિકસાવવી, વાંચન કરવું, ચાલવું, અન્યને મદદરૂપ થવું, કસરત વગેરે જેવા અનેક સર્જનાત્મક કાર્યો કરવાં.

**૭. Connect with spirituality :** દિવસનો થોડો સમય મોબાઇલ બંધ કરી પ્રાર્થના, મંત્રજાપ, સેવા, કથા શ્રવણ, આધ્યાત્મિક વાંચન દ્વારા આપણા જીવનને ધાર્મિકતા અને આધ્યાત્મિકતા તરફ આગળ વધારવા માટે વાપરો.

**૮. Live the moment, don’t click the moment :** આપણા જીવનના દરેક પ્રસંગો, ક્રિયા તથા સિદ્ધિ, સફળતાના કે ફરવા ગયા હોય તે બધાના ફોટા પાડી Insta કે snapchat પર મૂકીને likes check કર્યા ના કરવી. જે જીવીએ છીએ તેનો આનંદ માણવો. જે તે ક્ષણને જીવી જાણવી.

મુદ્રિત આ આર્ટિકલનું શાંત ચિત્તે વાંચન કરી તેને અનુસરવા પ્રયત્ન કરીશ તો જરૂરાજરૂર આધુનિક ઉપકરણના એમાંય વિશેષ મોબાઇલના બિનજરૂરી ઉપયોગથી જરૂરાજરૂર બચી તારા જીવનને ઉન્નત બનાવી શકીશ.

જય સ્વામિનારાયણ

## સ્વામિનારાયણ લગ્નપ્રથા - સાત્ત્વિક લગ્નોત્સવ

કારણ સત્સંગના સિદ્ધાંતો મુજબ સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર ખાતે ૨૩મો સાત્ત્વિક લગ્નોત્સવ તા. ૧૦-૧૨-૨૦૨૩ ને રવિવારના રોજ રાખવામાં આવેલ છે. આ પ્રથામાં એસ.એમ.વી.એસ.ના નિકટવર્તી હરિભક્તોએ અચૂક જોડાવું. આ સાત્ત્વિક લગ્નપ્રથાથી આપણી સર્વોપરી ઉપાસના અને પતિવ્રતાની ભક્તિ અખંડિત રહે, રજોગુણી વાતાવરણથી મુક્તિ મળે, લોકલાજમાં દેખાદેખીથી થતા ખોટા ખર્ચાઓ બંધ થાય તેમજ શ્રીજીમહારાજના દિવ્ય સાંનિધ્ય ને સાક્ષીએ લગ્નોત્સવ થાય જેમાં એમનો અપાર રાજીપો થાય છે. આ લગ્નપ્રથામાં જોડાવા માટે નીચેના હરિભક્તોનો સંપર્ક કરવો :

**અમૃતભાઈ ધૂળાભાઈ પટેલ (સ્વા.ધામ) – ૯૯૨૫૨૩૭૦૧૧**
**અમૃતભાઈ મગનભાઈ પટેલ (વાસણા) – ૯૯૨૫૩૨૦૭૯૫**



સકામભાવના જ મનમુખી સ્વભાવનું મૂળ છે.



# વરરાજાના મામા

સરી જતો સમય, વહી જતાં વારિ, ઊગતો સૂર્ય અને આથમતો ચંદ્ર ક્યારેય કોઈ માટે રોકાયા નથી, રોકાશે પણ નહીં. તેનો સમયે જ ઉપયોગ કરવો રહ્યો. તેમ શ્રીહરિના સંકલ્પથી પૃથ્વી પર વિચરતા દિવ્ય સત્પુરુષોના મુખમાંથી વહેતા પ્રચંડ સંકલ્પોના અસ્ખલિત પ્રવાહને પણ જો સમયે અધ્ધરથી ઝીલી લેવાય તો આપણું કામ થઈ જાય. કેમ જે ભગવાન અને સત્પુરુષના મુખમાંથી પ્રગટતાં વચનો સદા ઉપકારક જ હોય. કારણ કે સત્પુરુષ પોતે અખંડ મૂર્તિમાં રહે છે. તેમના સંપૂર્ણ કર્તા શ્રીજીમહારાજ છે માટે સત્પુરુષના મુખે સરતાં વચન શ્રીહરિનાં વચન તુલ્ય છે.

માટે એ વચનોને ઝીલવા જરાય શિથિલ ન રહેતાં તત્કાળ નિઃસંશય થઈ, સરળતાથી, સંપૂર્ણ વિશ્વાસ સાથે, ABCDના Aની જેમ મોખરે રાખી ઝીલવું તો જીવનની આ લોક-પરલોકની સર્વે સંભાળ સત્પુરુષ રાખે. કેવી રીતે? તે આવો જોઈએ આપણા સંપ્રદાયના ઇતિહાસમાં નોંધાયેલ એક ગુરુમુખી શિષ્યનાં પાત્ર દર્શન દ્વારા.

સૌરાષ્ટ્રમાં જૂનાગઢ પંથકનું આંબા ગામ. જ્યાં ભગવાન સ્વામિનારાયણના અનન્ય આશ્રિત તથા સદ્. ગુણાતીતાનંદ સ્વામીના પરમકૃપાપાત્ર એવા દેવશી ભગતનો મધ્યમવર્ગીય પરિવાર વસે. ભગત જ્ઞાતિએ પંચાલ. તેઓને ત્રણ દીકરા હતા. સદ્. ગુણાતીતાનંદ સ્વામી અને સંતો આંબા ગામે પધારતા ત્યારે કાયમ દેવશી ભગતના ઘરે ઉતારા થતા. કારણ, ગામમાં એકેય મંદિર નહોતું. સ્વામી અને સંતો પધારે એટલે દેવશી ભગતનો પરિવાર આનંદથી ઝૂમી ઊઠે. દોડી દોડીને સંતોની સેવા કરે. સંતોને કાંઈ તકલીફ ન પડે તેની ખૂબ કાળજી રાખે.

એક વખત સદ્. ગુણાતીતાનંદ સ્વામી આંબા ગામે પધાર્યા હતા. દેવશી ભગતના ઘરે ઉતારો હતો. સ્વામીએ ભગતને રુચિ જણાવી કે, “ભગત, અમે રહ્યા સાધુ. સ્ત્રી-ધનના ત્યાગી. અમારે સંતોએ ગૃહસ્થના ઘરે રહેવું તે યોગ્ય ન કહેવાય. માટે જો એક નાનકડું ગારમાટીનું મંદિર હોય ને ! તો સંતોને ત્યાં રહેવાય. તો જો એક મંદિર ગામમાં થાય તો સારું.” સ્વામીના મુખમાંથી વચન સર્યું તેને દેવશી ભગતે અધ્ધરથી ઝીલી લીધું. “સ્વામી, ચિંતા ન કરશો. આપ બીજી વખત જ્યારે આંબા

જેના હૈયામાં ગુરુ વચનની ગરિમા સદૈવ વર્તે તે જ સાચો શિષ્ય.

પધારશો ત્યારે મંદિર તૈયાર હશે.''

''પરંતુ ભગત, મંદિર માટે જમીન જોઈએ, મજૂર જોઈએ, મજૂરને ચૂકવવાનાં કાવડિયાં જોઈએ. આ બધું ક્યાંથી લાવશો?''

''સ્વામી, અમારે ઘરનું ઘર કરવું હોય તો શું આ બધા ખર્ચા નથી કરવા પડતા? અમારાં ઘર માટે બધું જ કરીએ છીએ તો આ તો ભગવાનનું ઘર બનાવવાનું છે. એના માટે આ બધી જ વ્યવસ્થા થઈ જશે. આપ ચિંતા ન કરશો.''

સ્વામી જૂનાગઢ પધાર્યા. આ બાજુ દેવશી ભગતે ત્રણેય દીકરાઓને બોલાવીને બધી વાત કરી કે, ''સ્વામીનું વચન છે કે ગામમાં એક મંદિર થાય તો સારું. આ વચન આપણે હેઠું પડવા દેવું નથી. આપણે જે કાંઈ સુખી છીએ તે સ્વામીની કૃપાથી જ છીએ. માટે તમારા ત્રણેય ભાઈઓનાં ઘર માટે લીધેલી જમીન આપણે મંદિર માટે અર્પણ કરી દઈએ. ત્યાં આપણા ઘરના બદલે ભગવાન અને સંતોનું ઘર બનાવીએ. તમારી શું ઈચ્છા છે?''

ત્રણેય દીકરાઓએ રાજી-ખુશીથી મંદિર માટે જમીન અર્પણ કરવા સંમતિ આપી. દેવશી ભગત અને તેમના પરિવારજનો સ્વામી સાથે હેત-મમત્વના નાતે જોડાયા હતા. સ્વામી ફરી પધારે તે પહેલાં મંદિર તૈયાર થઈ જાય તે માટે હાથોહાથ મંડી પડ્યા. મંદિરના બાંધકામ માટે માટી લાવી મંદિર ચણવાનું કામ શરૂ કર્યું. મંદિર તૈયાર થઈ ગયું. પરંતુ તેમાં બારી-બારણાં માટે લાકડાંની જરૂર ઊભી થઈ. એ માટે પૈસા નહોતા. આથી દેવશી ભગતનાં ધર્મપત્ની તથા પુત્રવધૂઓએ પોતાનું સોનું વેચી લાકડું લાવવા આગ્રહ કર્યો.

તેમનાં ધર્મપત્નીએ કહ્યું, ''ભગત, લો આ સોનું વેચી દો ને લાકડું લઈ આવો. વિલંબ ન કરશો. સ્વામી ગમે ત્યારે પધારશે. સ્વામી પધારે તે પહેલાં મંદિર તૈયાર કરી દઈએ.''

ત્રીજા દીકરાનાં લગ્ન બાકી હતાં. થોડા સમયમાં તેનાં લગ્ન લેવાનાં હોવાથી પુત્રવધૂને કરિયાવરમાં આપવા સોનું ખરીદેલું તે પણ આ મંદિરનાં લાકડાં લાવવા માટે વેચવા કાઢ્યું. પરિવારના તમામ સભ્યોની દૃષ્ટિ સ્વામીને રાજી કરવા તરફ હતી. માટે બધું ગૌણ કરી એક સ્વામીના વચનને મુખ્ય રાખ્યું.

ભગતે સોનું વેચવા કાઢ્યું છે તેવી ભાળ મળતાં સંબંધીજનો તથા કેટલાક ગામલોકોએ ભગતને સમજાવવા માંડ્યા, ''ભગત, ઘર બાળીને તીરથ ન કરાય. થોડા દિવસમાં દીકરાનાં લગ્ન આવે છે. ઘરમાં કશું સોનું નહિ હોય, કાવડિયાં નહિ હોય તો પ્રસંગ કેવી રીતે પૂરો કરશો? સ્વામીને તો મંદિર કરાવી આપનાર ઘણાય મળશે. માટે હજુય કહીએ છીએ સ્વામીને ના પાડી દો કે દીકરાનાં લગ્ન આવે છે તો મંદિર માટે પૈસા નહિ ખર્ચી શકાય; રાજી રહેજો.''

દેવશી ભગતે ખુમારીથી જવાબ આપ્યો, ''ભાઈઓ, વ્યવહારના ચલાવનારા તો મારા ઈષ્ટદેવ ભગવાન સ્વામિનારાયણ અને મારા ગુરુ ગુણાતીતાનંદ સ્વામી છે. અમે જે કાંઈ સુખી છીએ તે એમની કૃપાથી જ તો છીએ. અને રહ્યો દીકરાના લગ્નનો પ્રસંગ! તે દીકરોય ક્યાં મારો છે! એમનો જ છે. એ એની ચિંતા રાખશે મારે શું?

જે મારા કલ્યાણના કર્તલ છે એવા મારા ગુરુનું વચન મારાથી હેઠું કેમ પડાય?

જેના પ્રતાપે સુખિયા છીએ એમનું વચન હેઠું કેવી રીતે પડવા દેવાય?

જેમના આશીર્વાદે અક્ષરધામમાં મોટો બંગલો મળ્યો છે એમના વચને ભગવાન અને સંતો માટે એક નાનકડું મંદિર બનાવવામાં પાછી પાની કેમ થાય?

ભાઈઓ, આ ઘર બાળીને તીરથ નથી થવાનું. આ તો અનંતનાં આત્યંતિક કલ્યાણ કરવા માટેનું મહામોટું સ્થાવર તીર્થ થશે. જ્યાં અનેક જંગમ તીર્થ સમા સત્પુરુષ અને સંતો પધારી અનેકને પરલોકમાં ભગવાનની મૂર્તિરૂપી ઘરમાં નિવાસ કરાવશે! માટે મને ઢીલાં વચનો કહી મારા ગુરુના વચનને પાળવામાંથી જરાય ઢીલો પાડવા પ્રયાસ ન કરો. પહેલાં મારા ગુરુ, પહેલાં મારા ગુરુનો સંકલ્પ, પહેલાં મારા ગુરુની મરજી પછી દેહ અને દેહના સંબંધો, પછી અમારી સગવડતા.''

ગામલોકોના શબ્દોને અવગણી દેવશી ભગતે સોનું વેચી લાકડું લાવી મંદિરનું બાંધકામ પૂર્ણ કરાવ્યું. ગામલોકો ભગતને મૂર્ખ સમજી તેમની પર હસતા અને ટીકાઓ કરતા. પરંતુ દેવશી ભગતને મન તો ગુરુના સંકલ્પને પૂર્ણ કરવાનો અનેરો આનંદ અને સંતોષ હતો.

બે-ત્રણ મહિના બાદ સદ્. ગુણાતીતાનંદ સ્વામી આંબા ગામે પધાર્યા. મંદિર તૈયાર થઈ ગયું હતું; માત્ર પ્રતિષ્ઠા જ બાકી હતી. આ જોઈ સ્વામી દેવશી ભગતના પરિવાર પર ખૂબ રાજી થયા. સ્વામી ત્યાં થોડા દિવસ રોકાયા એ દરમ્યાન સ્વામીના કાને વાત આવી કે, 'દેવશી ભગતના ત્રીજા દીકરાનાં લગ્ન લેવાયાં છે પણ હવે એ પુત્રવધૂને આપવા ઘરમાં સોનું રહ્યું નથી. ભગતે મંદિરના કામ માટે બધું સોનું વેચી દીધું છે.'

સ્વામીએ દેવશી ભગતને બોલાવી કહ્યું, ''ભગત, ચિંતા ન કરશો. તમે અમારા વચને મહારાજનું ઘર બનાવવાની ચિંતા

રાખી છે માટે તમારી લાજ મહારાજ રાખશે તેની જવાબદારી અમારી. જાનમાં ખાલી ટ્રંક લઈને જજો.''

લગ્નમાં કરિયાવર પાથરવાનો સમય થયો ને દેવશી ભગતનાં ધર્મપત્ની મૂંઝાયાં ને બોલ્યાં, ''ભગત, આ ખાલી ટ્રંક આપણી આબરૂના કાંકરા કરશે. હવે શું કરશું ?'' ત્યારે ભગત બોલ્યા, ''લાજ રાખનાર મારા મહારાજ અને મારા ગુરુ ગુણાતીતાનંદ સ્વામી છે; એ લાજ નહિ જવા દે.'' ભગત આટલું બોલ્યા ત્યાં તો સામેથી મહારાજ વરરાજાના મામાનું રૂપ લઈને આવ્યા. હાથમાં ટ્રંક હતી અને ટ્રંક ખોલી બોલ્યા, ''લ્યો, આ પૂરા ૫૦૦ તોલા સોનું પૂત્રવધૂ માટે લાવ્યા છીએ.'' સામેના પક્ષવાળા જોતા જ રહી ગયા કે, 'વરરાજાના મામા સધ્ધર લાગે છે હોં !' જ્યારે દેવશી ભગતના પરિવારજનો મોં પર રૂમાલનો છેડો આડો રાખી ધીમું ધીમું હસવા લાગ્યા કે, 'આ તો ઠેઠના મામા પધાર્યા છે ! નવખંડ ધરતીમાં એમની હૂંડી ચાલે છે.'

ધામધૂમથી દીકરાનાં લગ્ન થયાં ને ત્રણેય દીકરાનાં ઘરનાં ઘર પણ થયાં. આમ, સ્વામીના મુખમાંથી નીકળેલા વચનને જ પ્રાધાન્ય આપ્યું તો જીવનમાં સર્વે પ્રકારે સુખી થયાં.

સત્પુરુષનાં કોઈ પણ વચન આપણા માટે હિતકર જ હોય છે. પરંતુ માયિક બુદ્ધિએ કરી આપણને તેનો હેતુ ન સમજાતાં બુદ્ધિ તેમાં સંશય કરાવે, મન ઘાટ-સંકલ્પોના રવાડે ચડાવી દે, તર્ક-કુતર્ક કરાવે એવું બને. પરંતુ સાચી મા બાળકનું ક્યારેય અહિત કરે જ નહીં. તેમ સત્પુરુષનાં વચન ક્યારેય આપણું અહિત કરનારા હોતાં જ નથી. જો સમયે નિઃસંશય થઈ તેમના વચનમાં વર્તવાના આગ્રહી બનાય તો જરૂરથી ભવિષ્યમાં તેનો બહુ મોટો ફાયદો નજર સામે દેખાય. જે ફળને જોવા માટે જોઈએ કેવળ ધીરજ, શ્રદ્ધા અને વિશ્વાસ.

વર્તમાનકાળે આપણે પણ વ્હાલા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીના અલ્પ વચનને પણ આપણા જીવનનું ધ્યેય બિંદુ બનાવી દઈએ. ચાહે તે નિયમ-ધર્મની દૃઢતાનું હોય કે તન-મન-ધનની સેવાનું હોય કે કોઈ પણ આજ્ઞા-રુચિ હોય. ગુરુજીના વચનની પૂર્તિ માટે થતા પ્રયાસો જ આપણા અનેક દુઃખોને ટાળવાની સીડી બની જશે.

## બાવળા શિલાન્યાસ સમારોહ







''શ્રીજી વિજયના ધ્વજો ફરકાવજો, રસબસના સૂત્રો ગવાય;
સુણ ભાઈ કારણ સત્સંગમાં.''

સર્વોપરી ઉપાસના અને અનાદિમુક્તની સ્થિતિના એકમાત્ર પ્રવર્તન માટે જ શ્રીજીમહારાજનું પ્રાગટ્ય હતું અને છે. તે સંકલ્પના પ્રવર્તનના ભાગ રૂપે તા. ૩૧-૮-૨૦૨૩ના રોજ વ્હાલા ગુરુજીની દિવ્ય નિશ્રામાં બાવળા ખાતે શિલાન્યાસ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. સાંજે ૫ વાગ્યે યજમાનો તથા મોટેરા હરિભક્તો સાથે દિવ્ય મહાપૂજા વિધિ મંગલમય પરિસરમાં શરૂ થયો. વ્હાલા ગુરુજીના દિવ્ય કરકમળો દ્વારા શિલા તથા પ્લાનનું પૂજન થયું. વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી અને યજમાનો દ્વારા સુશોભિત સ્થાનમાં શિલારોપણ તથા આરતી કરવામાં આવી હતી. ત્યારબાદ ઉપસ્થિત હરિભક્તો ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની દિવ્યવાણીનો લાભ લઈ ધન્ય બન્યા હતા. ઉત્સાહી સ્વયંસેવકોએ પૂ. ધર્મસ્વામી, પૂ. કારણસ્વામી અને પૂ. દયાળુસ્વામીની રાહબરી હેઠળ સમગ્ર સેવાયજ્ઞને દીપાવ્યો હતો. આમ, આ શિલાન્યાસ સમારોહમાં ૮૨૫થી પણ વધુ ભાવિક ભક્તો ગુરુજીનાં દર્શન-આશીર્વાદ તેમજ પ્રસાદનો લાભ લઈ કૃતકૃત્ય બન્યા હતા.

ગુરુ વચનની કેડી પર ચાલવાથી મૂર્તિસુખની મંજિલ પર પહોંચાય છે.



# સાચું શાણપણ

'Life is full of changes & challenges.' અર્થાત્ જીવન અનેક પરિવર્તન અને પડકારોથી ભરેલું છે. પરિવર્તનના આ યુગમાં અનેક પરિવર્તનોની સાથે માનવસહજ સ્વભાવમાં પણ અણધાર્યું પરિવર્તન આવી રહ્યું છે. પરિણામે ઘરોઘરમાં વ્યક્તિ વ્યક્તિના જીવનમાં પ્રશ્નોની પરંપરા સર્જાતી રહે છે. ઉદ્વેગ, અશાંતિ અને અથડામણ સતત ચાલ્યા કરતા હોય છે. જીવનમાં હરપળે હરક્ષણે ઉદ્ભવતા પ્રશ્નોના ઉકેલ રૂપ રાજા ચાવી આપતાં ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી કહેતા હોય છે, "આ ત્રણ બાબતો : (૧) Acceptance (સ્વીકૃતિ), (૨) Adjustment (અનુકૂળ થવું) અને (૩) Compromise (સમાધાનકારક વલણ, જતું કરવું). જે વ્યક્તિ આ ત્રણ બાબત જીવનમાં અપનાવે તેને કોઈ પ્રશ્નો રહે નહીં. જીવનમાં કોઈ પણ સંજોગ-પરિસ્થિતિ આવે, કોઈ પણ વ્યક્તિ હોય પ્રભુની મરજીથી જે કાંઈ થાય તેનો સ્વીકાર કરી તેની સાથે ઍડજસ્ટ થતાં શીખી જવું એ જ સાચું શાણપણ છે."

આજે દરેક વ્યક્તિ સ્વતંત્ર અને સ્વછંદી જીવન જીવવા ઇચ્છે છે. એમાં જો કોઈ રોકે-ટોકે કે અડચણ કરે તો અસહ્ય થઈ પડે છે. વાદ-વિવાદ, દલીલો વિસંવાદિતા સુધી પહોંચી જાય છે. સંબંધોમાં કડવાશ ઊભી થઈ જાય છે. છતાંય કરુણતા તો એ છે, દરેક વ્યક્તિને પોતે સાચી અને નિર્દોષ અને સામેની વ્યક્તિ ખોટી અને દોષિત લાગે છે. અન્યનાં સ્વભાવ, રીત-રસમ, વિચારધારા, માનીનતા સાથે તેને સહર્ષ સ્વીકારવા અતિ કપરું લાગે છે. સહનશીલતા શૂન્ય થતી જાય છે તેની સાથે એકબીજાની સ્વીકૃતિ પણ ઘટતી જાય છે. આ અસ્વીકૃતિ જીવનને વિકૃત બનાવે છે. સંબંધોમાં વિખવાદ ઊભા કરાવી જીવનને ઉજ્જડ-વેરાન જેવું બનાવે છે. જ્યારે સ્વીકૃતિ જીવનને નવી દિશા આપી ઉપવન જેવું સમૃદ્ધ બનાવે છે.

ટાઉન હૉલના સ્ટેજ ઉપર પ્રેક્ષકોના અભિવાદનને સ્વીકારતા ટ્રેનર રોશનભાઈ પારિવારિક પ્રશ્નોના સમાધાન અંગે માર્ગદર્શન આપવા સજ્જ બન્યા હતા.

રોશનભાઈએ પોતાની આગવી છટામાં શબ્દ ઉચ્ચાર્યો, 'Acceptance'. વારંવાર આ શબ્દનું ઉચ્ચારણ કરી સેમિનારનો પ્રારંભ કર્યો. સમગ્ર હૉલમાં આ શબ્દના પડઘા પડઘાતા હતા. ઍક્સેપ્ટન્સ એટલે માત્ર સ્વીકૃતિ નહિ; કોઈ

પણ પ્રકારની આનાકાની વગર હૃદયની સકારાત્મક લાગણી સાથેની સહર્ષ સ્વીકૃતિ.

કોઈ પણ બાળકના જન્મની શરૂઆત ઍક્સેપ્ટન્સ શબ્દથી થાય છે. અરે, આજે અહીં હૉલમાં બેઠેલી તમામ વ્યક્તિને જો તેમના માતાપિતાએ ઍક્સેપ્ટ ન કરી હોત તો ? શું આજે તમે અહીં હોત ? ક્યારનાય અબોર્ટ થઈ ગયા હોત. અર્થાત્ આ પૃથ્વી પર જે કોઈ જીવિત છે તે તેમના માતાપિતાએ કરેલી સહર્ષ સ્વીકૃતિ જ છે. આ સ્વીકૃતિએ જ તમને સુંદર દુનિયા જોવાની તક આપી છે. પ્રેક્ષક મિત્રો, તમને પ્રભુએ કોઈને સ્ત્રી વર્ગમાં અને કોઈને પુરુષ વર્ગમાં જન્મ આપ્યો. પ્રભુએ આપેલ દેહને તમે ઍક્સેપ્ટ કરી લીધો તો તમે સુંદર જીવન બનાવી શક્યા. તમે ભગવાન સામે બળવો પોકાર્યો હોત કે મારે સ્ત્રી નહિ પુરુષ બનવું છે. તો શું શક્ય બનત ? ના, કદાપિ નહીં. કારણ, પ્રભુએ જ્યારે જે ઘડ્યું છે તેને કોઈ વિકલ્પ વગર સ્વીકારી જ લેવું પડે છે. એ જ રીતે પ્રભુમરજીથી આપણી આસપાસ જે કાંઈ બને, સ્થિતિ-પરિસ્થિતિ સર્જાય કે પછી કોઈ વ્યક્તિ હોય તે બધાને સહર્ષ સ્વીકારી લેવી. જેને આ સ્વીકાર ન થાય તેનું જીવન દુઃખમય થઈ જાય છે અને સ્વીકાર થાય તે ઉન્નત જીવન જીવી શકે છે.

**એક સત્ય ઘટના :**

એક યુવાનનાં લગ્ન થયાં. સાસુએ હરખભેર પુત્રવધૂને પોંખી ઘરમાં આવકાર આપ્યો. નવા નવા નવ દિવસ પણ હજુ પૂરા થયા ન હતા તે પહેલાં ઘરમાં ચકમક ઝરવા લાગી. સાસુ-સસરા રોકટોક કરતાં તથા સલાહ-સૂચન આપતાં. કરકસરથી જીવન જીવવું એવી રોકટોક કરે. આ ઉપરાંત કેટલાક સ્વભાવ વહુથી સહન ન થયાં. મોટા ભાઈ-ભાભીની પદ્ધતિ, પરિવારના રીત-રિવાજોને તે સ્વીકૃતિ કરી શક્યા નહીં. મન ઉદ્વેગથી ભરાઈ ગયું. તેણે યુવકની આગળ પ્રસ્તાવ મૂક્યો કે, “કાં તો હું અને કાં તો આ પરિવારના સભ્યો. બેય એક સાથે નહિ બને.” યુવકે માતાપિતા તથા ભાઈ-ભાભીના સ્વભાવ, રીત-રસમ સ્વીકારવા ઘણું સમજાવવા છતાં તે એકના બે ન થયાં. પોતાની શરતનો જ કક્કો ભણે રાખ્યો. છેવટે યુવકે ઉદાસ હૈયે માતાપિતાથી દૂર એકલા રહેવાનો નિર્ણય લીધો.

પંદર દિવસમાં તો બંને જુદાં રહેવાં જતાં રહ્યાં. સ્થળ બદલાયું હતું પણ સ્વભાવ નહીં. ઘરમાં નાનું-મોટું બનતું રહેતું. ત્રણ વર્ષનાં વાણાં વહી ગયાં. યુવકને ટ્રેનિંગ માટે તથા અન્ય ધંધાકીય કામ માટે USA અઢી મહિના માટે જવાનું થયું. બે-ત્રણ દિવસ બાદ યુવકના મોબાઇલની રીંગ વાગી, “હલો, હું વિનીતા. આજે હું હૉસ્પિટલ ગઈ હતી. ડૉક્ટરે તપાસ કરતાં જણાવ્યું કે, બાળક મંદબુદ્ધિનું અથવા ખોડ-ખાંપણવાળું આવશે. તો તમને પ્રશ્ન પૂછું છું કે, Do you accept or reject ? બાળકને તમે સ્વીકારો છો કે ત્યજી દેવા માગો છો ?” યુવકે પૂછ્યું, “તમે શું વિચાર્યું ?” વિનીતા બોલી, “હું એવા લાચાર, મંદબુદ્ધિના બાળકની પાછળ જિંદગી ખર્ચવા માગતી નથી. જે મને, તમને અને ખુદની જાતને હેરાન-પરેશાનીમાં જિવાડે. તેના કરતાં તો...” વિનીતાનો જવાબ સાંભળતાં યુવકનાં રૂંવાડાં અધ્ધર થઈ ગયાં. તેણે મક્કમતાપૂર્વક જવાબ આપ્યો :

“ઍક્સેપ્ટ, ઍક્સેપ્ટ,ઍક્સેપ્ટ, નોટ રિજેક્ટ.”

વિનીતાએ ફોન મૂકી દીધો. ફરી યુવકનો કૉલ રિસીવ જ ન કર્યો. યુવકને આકસ્મિક કારણોસર વધુ રહેવાનું થયું. એક દિવસ ડૉક્ટરનો યુવક પર ફોન આવ્યો કે, “સર, સૉરી. તમારાં ધર્મપત્ની વિનીતાબેને એક બાળકને જન્મ આપ્યો છે. પણ તે કાંઈ હલન-ચલન ન કરતું હોવાથી લગભગ મૃત્યુ પામેલું છે એવું લાગતું હતું. છતાં અમે કાચની પેટીમાં રાખ્યું છે. પણ બીજા દિવસે વિનીતાબેન બાળકને છોડી ચાલ્યાં ગયાં છે; માટે તમે આવીને સહી કરી જાવ.” યુવકનો શ્વાસ અધ્ધર થઈ ગયો. તે તાત્કાલિક ફ્લાઇટ પકડી સીધો જ હૉસ્પિટલ પહોંચ્યો. નર્સ યુવકને બાળકને જે રૂમમાં રાખ્યું હતું ત્યાં લઈ ગયાં. યુવક જ્યાં કાચની પેટી નજીક ગયો કે તુરત બાળકે આંખ ખોલી સ્મિત વેર્યું. એ જોઈને તે ખુશ થઈ ગયો. યુવકે ભગવાને આપેલી ગિફ્ટ ગમે તેવી મળી છતાં Heartily accept કરી લીધી. એ પછી યુવકે ફરી ન તો કદી વિનીતાબેનને ફોન કર્યો કે ન તો કોઈ સંબંધો રાખ્યા.

એ સહર્ષ સ્વીકૃતિનો ચમત્કાર જુઓ. (એમ કહ્યું એ વખતે સ્ટેજ ઉપર એક ૧૦ વર્ષનો બાળક ચડ્યો.) “આ એ જ બાળક જેને મૃત સમજી તેની માતા ચાલી ગઈ હતી.”

ત્યારબાદ બાળકે બાળસહજ શૈલીમાં વાત કરી :

“મારું નામ અખિલ છે. મારા પપ્પા કહે છે કે હું Special child છું. એક દિવસ ભગવાને પપ્પા જોડે આવી ગિફ્ટ બૉક્સ મૂકી કહ્યું, આમાં એક મૂલ્યવાન ચીજ છે. જેને ઍક્સેપ્ટ કરતાં તમારે હાડમારી વેઠવી પડશે. પણ જો ઍક્સેપ્ટ કરશો તો દુનિયાના શ્રેષ્ઠ પિતાનું બિરુદ મળશે.

પપ્પાએ થોડા સમય બાદ બૉક્સ ખોલ્યું તેમાંથી હું બહાર આવ્યો. મારામાં નરી ખોડ-ખાંપણ, બુદ્ધિનો વિકાસ બિલકુલ નહીં. પપ્પાએ મારી પાછળ તનતોડ મહેનત કરી મને

Abnormalમાંથી normal બાળક નહિ પણ Extra Ordinary બાળક બનાવી દીધો. તેથી આજે હું તમારી સામે ઊભો છું અને બોલી શકું છું. તે તમામ શ્રેય મારા પપ્પાને સમર્પિત છે. એમ કહી ટ્રેનર રોશનભાઈ તરફ આંગળી ચીંધતાં અખિલે કહ્યું, "થૅન્ક યૂ પાપા ફોર ઍક્સેપટિંગ મી, થૅન્ક યૂ પાપા ફોર ઍક્સેપટિંગ મી..."

પ્રેક્ષકોને હકીકતની ખબર પડતાં તાળીઓના ગડગડાટથી રોશનભાઈ અને અખિલને વધાવી લીધા. પ્રભુઇચ્છાથી આકસ્મિક રીતે સેમિનારમાં અખિલને જન્મ આપનાર વિનીતાબેન પણ હાજર હતાં. તેઓને અંતરમાં ભારે પશ્ચાત્તાપ થયો કે, હું પરિવારને, રોશનને કે દીકરાને સ્વીકારી ન શકી. બંને આંખમાંથી અખંડ અશ્રુધારા વહેવાં લાગી. એક આંખેથી ખુશીની લાગણી કે બાળક જીવિત છે. એટલું જ નહિ; પણ પોતાના પિતાની જેમ ટ્રેનર બન્યો. બીજી આંખેથી પોતાના કર્તૃત્વની, ભગવાને આપેલ ગિફ્ટની અસ્વીકૃતિ કર્યાની દુઃખની લાગણી વહી રહી હતી.

રડતાં રડતાં તેઓ સ્ટેજ પર ચડ્યાં અને રોશનભાઈ તથા અખિલ આગળ નીચે નમી બોલ્યાં, "તમે બંને મને માફ કરી દો. હવે મને પણ તમારા જીવનમાં ઍક્સેપ્ટ કરી લો. મને માફ કરી દો." વિનીતાબેનનો સાચો પશ્ચાત્તાપ જોઈ રોશનભાઈએ પ્રેક્ષક ગણ વચ્ચે જાહેર કર્યું:

"હું અને અખિલ તમને અમારા જીવનમાં સ્વીકૃત કરીએ છીએ." આખો હૉલ તાળીઓના ગડગડાટથી ગુંજી ઊઠ્યો. પરિવારના બધા જ સભ્યો એકબીજાને ઍક્સેપ્ટ કરી બધા સાથે ઍડજસ્ટ થઈને રહેવા માંડ્યા. આ પરિવાર સૌ માટે આદર્શ પ્રેરણારૂપ બની ગયો. આપણે પણ આપણા પરિવારમાં ઍક્સેપ્ટન્સ એન્ડ ઍડજસ્ટમૅન્ટની રાજા ચાવી વાપરી પરિવાર તથા સત્સંગને ખુશાલીથી ભરી દઈએ.

## પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહારાજ સંગે પૂ. સંતોનું યુ.કે. ખાતે દિવ્ય સત્સંગ વિચરણ





સ્વામિનારાયણ ભગવાનનો આ બ્રહ્માંડમાં પધારવાનો હેતુ અજોડ ઉપાસના ને અનાદિમુક્તની સ્થિતિના પ્રવર્તનનો હતો અને છે. આ સંકલ્પને સાકાર કરવા વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની આજ્ઞાથી વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સાથે પૂ. સંતોનું લંડન ખાતે સત્સંગ વિચરણનું આયોજન થયું. તા. ૩૧ જુલાઈના રોજ વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સાથે પૂ. દિવ્યસ્વામી, પૂ. સુખસ્વામી, પૂ. મનનસ્વામી અને હરિભક્તોમાં પ.ભ. શ્રી મિતેષભાઈ પટેલ લંડન ખાતે વિચરણ અર્થે પધાર્યા હતા.


તા. ૩૧ જુલાઈના રોજ વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે પૂ. સંત મંડળના સ્વાગતને બાળ, કિશોર, યુવક તથા વડીલમુક્તોએ આનંદની ઊર્મિઓથી હરખભેર વધાવ્યું હતું.

આ વિચરણ દરમ્યાન પૂ. સંતો દ્વારા પધરામણી, મહાપૂજા, પ્રાતઃ સભા, રાત્રિ સભા, પિકનિક, કાર્યકર ડે, આદર્શ પ્રૉજેક્ટ સભા, શિબિર, યુવક સભા, કિશોર સભા, બાળ સભા, અંગત બેઠક જેવા વિવિધ પ્રોગ્રામો દ્વારા સૌને મહારાજના સંકલ્પ સમા પાત્ર કરવાનો પ્રયાસ કર્યો હતો. વ્હાલા ગુરુજી પણ લંડનના લાડકવાયા ભક્તોને કેવી રીતે ભૂલી શકે ? એ ન્યાયે વ્હાલા ગુરુજીએ શિબિરમાં ઑનલાઇન લાભ આપી સૌ મુક્તોને દર્શન-આશીર્વાદ અને રાજીપો વરસાવી સુખિયા કર્યા હતા.

આમ, લંડન ખાતે ૩૫ દિવસના સત્સંગ વિચરણ દરમ્યાન ૧૧૩ પધરામણી, ૫૮ જેટલી સભા આદિક પ્રોગામ કરી ૫૧૫૪ જેટલા હરિભક્તોને બળિયા કરી પૂ. સંત મંડળે તા. ૪ સપ્ટેમ્બરના રોજ ઈન્ડિયા આવવા માટે પ્રસ્થાન કર્યું હતું.



ગણ્યું જે પ્યારું પ્યારાએ, અતિ પ્યારું ગણી લેજે.



# મંકોડો ફાવી ગયો

"નથી સાધન કે બુદ્ધિનું આ કામ,
કેવળ કૃપાથી પ્રાપ્તિ છે તમામ..."

મહારાજ અને મોટાપુરુષની કૃપા-કરુણા મેળવવી એ કાંઈ સાધનનું કામ નથી. એ તો એ જ કેવળ એમનું બિરુદ જાણી અનંતાનંત જીવો પર કરુણા વરસાવતા હોય છે. જેમ ગ્રીષ્મઋતુમાં વરસી રહેલી અગમ જ્વાળાઓથી ધરતી સૂકી ભઠ્ઠ થઈ જાય છે અને કાગડોળે વર્ષાઋતુની રાહ જોવે છે. ત્યારે કાળા ડિબાંગ વાદળોની વચ્ચેથી નીકળી વર્ષાના બિંદુઓનો ધરતીને સ્પર્શ થતાં જ ધરા પુલકિત થઈ ઊઠે છે. માત્ર ધરા જ નહિ, એ વર્ષા સમગ્ર જીવ સૃષ્ટિ પર વરસતાં જ સૌ કોઈ આનંદિત થઈ જાય છે. એમ મોટાપુરુષની કરુણા પણ સમગ્ર જીવ સૃષ્ટિ પર વરસે છે. બહુધા સૌ એમાં જ ફાવી જતા હોય છે. આવા નિઃસ્વાર્થ પ્રેમ અને બિનશરતી દયા-કરુણાનું સાક્ષાત્ સ્વરૂપ એટલે આપણને મળેલા દિવ્ય સત્પુરુષ વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી.

મોટાપુરુષની અનહદ, બેહદ કરુણામાં આપણે સૌ કોઈ ફાવી ગયા છીએ. અપાર કરુણા... બેહદ કરુણા... બેહદ દયા... જ્યાં દયાવાનની દયા ખૂટી પડે ત્યાં મોટાપુરુષ તો દયાવાન નહિ; પણ દયાનો દરિયો છે, દયાનો મહાસાગર છે. આ કરુણામાં આપણે તો ફાવી ગયા પણ આ કરુણાવર્ષામાં એક મંકોડો પણ ફાવી ગયો.

ઈ.સ. ૨૦૨૩ના જુલાઈ માસમાં વ્હાલા ગુરુજી સત્સંગ વિચરણ અર્થે મોરબી ખાતે પધાર્યા હતા. મોટાપુરુષનું કહેતાં ભગવાનના ઓલિયાપુરુષનું વિચરણ અનંતાનંત આબાલવૃદ્ધ જીવોને પોતાની કરુણામય દૃષ્ટિથી ભીંજવવા માટે હોય છે. વ્હાલા ગુરુજી નિત્યક્રમ મુજબ પ્રાતઃ કાળે સ્નાનાદિક ક્રિયા પૂર્ણ કરી ઠાકોરજીની પૂજા કરવા માટે બિરાજ્યા. પૂજા દરમ્યાન આકસ્મિક તેઓની દૃષ્ટિ બાજુમાં પડેલ એક સાકરના ગાંગડા પર પડી. ગુરુજી સ્વચ્છતાના ખૂબ આગ્રહી એટલે દાસત્વની મૂર્તિ એવા ગુરુજીએ વિચાર્યું કે, 'પૂજા પછી સાવરણી લઈ વાળી

નાખું જેથી કીડીઓ ન થાય.' અવરભાવમાં પોતે સંસ્થાના વડા છે. તેમની સેવામાં કેટલાય સંતો-હરિભક્તો તત્પર હોય છે, લાઇનો લાગતી હોય છે. પણ એમને તો એવો કોઈ વિચાર જ નહિ કે આ સેવા મારે કરવાની ? ગુરુજી એટલે દાસત્વભાવની દુનિયામાં રાચતું સ્વરૂપ.

પૂજા બાદ ગુરુજીએ જોયું તો સાકરના ગાંગડા પર એક મંકોડો બેસીને તેનું ભોજન લઈ રહ્યો હતો. ગુરુજીનો અતિ દયાળુ સ્વભાવ એટલે વિચાર્યું કે, 'જમતા હોય તેને ડિસ્ટર્બ ન કરાય. તેથી હમણાં દસ મિનિટ પછી સાકર હટાવી લઈશું. જેથી ત્યાં સ્વચ્છતા થઈ જાય.' પરંતુ બન્યું એવું કે દસ મિનિટ બાદ પણ મંકોડો સાકરની મજા માણી રહ્યો હતો. ગુરુજી દૈનિકક્રમ મુજબ નિયમ કરતા જાય અને વચ્ચે વચ્ચે સાકરના ગાંગડા પાસે આવીને જુએ કે મંકોડો ગયો કે નહીં ? છેવટે સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર પર પરત આવવા માટે નીકળવાનો સમય થયો. નીકળતા પહેલાં પણ ગુરુજી ત્યાં દૃષ્ટિ કરવા ગયા. એટલે પાસે રહેલા સેવક સંતે પૂછ્યું, "ગુરુજી, આપની આ લીલામાં કાંઈ ખબર ન પડી. આપ બે-ત્રણ વાર આવીને શું જોઈને ગયા." ત્યારે ગુરુજીએ કહ્યું કે, "અમારે આ સાકરનો ગાંગડો સાફ કરવો છે. પરંતુ આ મંકોડો જાય તેની રાહ જોઈ રહ્યા છીએ." ત્યારે સેવક સંતે કહ્યું, "મહારાજ, એમાં શું રાહ જોવાની, લાવો સેવક વાળી દે." ત્યારે ગુરુજીએ ના પાડી. અને કહ્યું કે, "એ એનું ભોજન લઈ રહ્યો છે આપણાથી એને તકલીફ ન અપાય. હવે આપણે નીકળવાનો સમય થયો છે માટે બીજા સંતોને કહી દો કે મંકોડો જાય પછી વાળી દે." પછી બીજા સંતોને કહી ગુરુજી ગાડીમાં બિરાજ્યા.

જેમણે ક્યારેય પોતાનો વિચાર કર્યો જ નથી. સદાય અન્યની જ ચિંતા રાખી છે. પોતાના અવરભાવ સામે કદી જોયું જ નથી. રસ્તામાં સેવક સંતે ગુરુજીને બે હસ્ત જોડી મંકોડા પર કરેલ કૃપાનું રહસ્ય પૂછતાં કરુણાહૃદયી દિવ્યપુરુષ બોલ્યા, "સ્વામી, આ મંકોડો અમારી દૃષ્ટિમાં આવી ગયો. મંકોડાએ આ મંદિરની નાનકડા સાકરના ગાંગડાના રસની પ્રસાદી જમાડી. આવા મોટા મહારાજ અને એમના સ્થાનમાં આ મંકોડો આવી ગયો માટે એને તકલીફ કેવી રીતે અપાય ? એને કેવી રીતે અહીંથી દૂર મોકલી દેવાય ? એ તો મહારાજનો મુક્ત કહેવાય. વળી, લોકો તો ભૂખ્યાને ભોજન જમાડતા હોય છે અને આ મંકોડો તો એ વખતે સાકર જમાડી રહ્યો હતો. તો એને જમાડતાં જમાડતાં કેવી રીતે ઉઠાડાય ? એટલે ન તો સેવકે સાકરનો ગાંગડો હટાવ્યો કે ન તો મંકોડાને હટાવ્યો."

પાસે રહેલા સેવક સંત તો ગુરુજીની દયા-કરુણા અને દિવ્યદૃષ્ટિ જોઈ અહોભાવમાં ડૂબી ગયા : 'વાહ દયાળુ વાહ ! આ લોકની કોઈ વ્યક્તિને કલ્પના પણ ન હોય. એ તો કોઈ આટલા સૂક્ષ્મ જીવ માટે આટલું વિચારે પણ નહિ, જ્યારે આપ તો એ સૂક્ષ્મ જીવ પર પણ કરુણા વરસાવતા રહ્યા. હે વ્હાલા ગુરુજી ! અમે પણ આપનો આ દિવ્ય કલ્યાણકારી ગુણ અમારા સ્વજીવનમાં દૃઢ કરી શકીએ એવી દયા કરજો...'

## ઘનશ્યામ અંક સ્વાનુભવ

આ સેવકને પહેલેથી જ ઘનશ્યામ અંકનું વાંચન-શ્રવણ કરવું ખૂબ ગમે છે. જ્યારથી ઘનશ્યામ અંકનું શ્રવણ-મનન શરૂ કર્યું ત્યારથી આ સેવકના જીવનમાં ઘણા ફેરફારો આવ્યાં. પહેલાં તો કોઈ સેવા બતાવે તો મુખ પરના હાવભાવ ફરી જાય. અકળામણ અનુભવાય, સેવા બતાવનાર પ્રત્યે અણગમો, અસંતોષ અને ઉદ્વેગ ઊભો થાય. પરંતુ, ઘનશ્યામ અંકના નિયમિત વાંચન-શ્રવણના અભ્યાસના કારણે આજે દાસત્વભાવે અને રાંકભાવે વર્તી શકાય છે એ મહારાજે સેવક પર કરેલી અનહદ કરુણા છે. એમાંય વળી, વ્હાલા ગુરુજીની આજ્ઞા થતાં જાન્યુઆરી-૨૦૨૩નો 'પ્રાર્થના વિશેષાંક' વાંચ્યા બાદ તો સેવકનું જીવન હળવુંફૂલ બની ગયું છે. પહેલાં તો સેવકને સતત ટૅન્શનમાં રહેવાની આદત, માથા પર બોજ લાગ્યા કરે. સતત ચિંતા થયા કરે. પરંતુ 'પ્રાર્થના' વિશેષાંકના વાંચન-શ્રવણ બાદ દિવસમાં મહારાજને સતત પ્રાર્થના કરવાની શરૂઆત કરી. શરૂઆતમાં થોડું અઘરું લાગ્યું. પણ સતત હાલતાં-ચાલતાં નિરંતર પ્રાર્થના કર્યા જ કરવાની ટેવ પાડી તો હવે સર્વે ક્રિયામાં પ્રાર્થના થયા કરે છે. અંતર હળવુંફૂલ થઈ ગયું છે. આઠે પહોર આનંદ વર્તે છે. મહારાજે આ સેવક પર ખૂબ કરુણા કરી હોય એવો અહેસાસ થાય છે. આપ સર્વે મુક્તો પણ ઘનશ્યામ અંકનું ખૂબ વાંચન-શ્રવણ-મનન કરશો તેવી પ્રાર્થના...

- પ્રીતિબેન વિઠ્ઠલભાઈ પટેલ (પેટલાદ)



ક્ષમાયાચના એ ખૂણાનો ખેલ નહિ, રણની બાજી છે.






સ્મૃતિ દિન એટલે વ્હાલા ગુરુદેવ પ.પૂ. બાપજીના આપણા પર થયેલા ઋણનું ગાન કરવાનો દિવસ. 'ગયા નથી આપ સદા ભેળા રહેજો, પ્રગટપણે રહી નિત્ય રક્ષા કરજો.' અવરભાવમાં ગુરુદેવ પ.પૂ. બાપજીના વિયોગને ચાર વર્ષ પૂર્ણ થયાં. પરંતુ મોટાપુરુષ પ્રગટપણે-પ્રત્યક્ષપણે સદાય આપણી વચ્ચે બિરાજમાન જ છે. વ્હાલા ગુરુદેવ પ.પૂ. બાપજીએ જ્ઞાન-સિદ્ધાંત અને સમજણ આપી અનેકાનેક મુમુક્ષુઓને સુખિયા કર્યા છે. ત્યારે એમના મહિમાગાનમાં ડૂબીએ એટલે કંઈક અંશે તેમના ઋણમાંથી મુક્ત થવાય.

તા. ૫-૯-૨૦૨૩ના રોજ વ્હાલા ગુરુદેવ પ.પૂ. બાપજીના ચતુર્થ સ્મૃતિ દિનનું આયોજન કરવામાં આવ્યું હતું. આજના દિવસે પ્રાતઃ સમયે સ્વામિનારાયણ ધામ ખાતે અનાદિમુક્ત પીઠિકાએ ગુરુદેવ પ.પૂ. બાપજીના પૂજન, આરતી અને પ્રાર્થનાનો કાર્યક્રમ યોજાયો હતો. સૌપ્રથમ આપણા સૌનાય વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી સંત મંડળે સહિત પીઠિકાએ પધાર્યા હતા. ગુરુજીએ ગુરુદેવનું કુમકુમ-ચંદન અર્ચન કરી, ફૂલહાર ધારણ કરાવી પૂજન કર્યું હતું. તેમજ ગુરુદેવના ચરણોમાં પ્રાર્થના કરી આરતી ઉતારી હતી. ત્યારબાદ સર્વે પૂ. સંતો, પાર્ષદો, સમર્પિત મુક્તો, ગુરુકુલ, છાત્રાલય, સ્કૂલનાં બાળકો સહિત સ્થાનિક હરિભક્તોએ પણ પીઠિકાએ ગુરુદેવ પ.પૂ. બાપજીનાં દર્શન કરી આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. આજના દિને સમસ્ત એસ.એમ.વી.એસ. સત્સંગ સમાજને પીઠિકા દર્શનની આજ્ઞા થયેલ હોવાથી દૂરદૂરથી આવેલા સર્વે હરિભક્તોને વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ પ્રાતઃ કાળે તેમજ સંધ્યા સમયે એમ બે સેશનમાં નિકટ દર્શનનો લાભ આપી સુખિયા કર્યા હતા.

આજના દિને સમગ્ર સત્સંગ સમાજ માટે રાત્રિ સેશનમાં ૮:૩૦થી ૧૦:૩૦ દરમ્યાન ગુરુદેવ પ.પૂ. બાપજીના ચતુર્થ સ્મૃતિ દિનના મુખ્ય પ્રોગ્રામનું ઑનલાઈન આયોજન કરવામાં આવ્યું હતું. પ્રોગ્રામની શરૂઆત કીર્તનભક્તિ દ્વારા થઈ હતી. ત્યારબાદ ઉપસ્થિત તમામ પૂ. સંતો, હરિભક્તો પ્રત્યક્ષ તેમજ ઑનલાઈન માધ્યમ દ્વારા દિવ્ય શાંતિપાઠ વિધિમાં લાભ લઈ કૃતાર્થ બન્યા હતા. પ્રાસંગિક ઉદ્બોધનમાં પૂ. પૂર્ણસ્વામી, પૂ. આશીર્વાદસ્વામી તેમજ પૂ. અવતારીસ્વામી દ્વારા અનુક્રમે બાળકો, યુવાનો અને વડીલો સંગે ગુરુદેવ પ.પૂ. બાપજીના પ્રસંગોની રજૂઆત થતાં ઉપસ્થિત સૌ કોઈ ગુરુદેવ પ.પૂ. બાપજીના મહિમાગાનમાં ડૂબકી લગાવી ધન્ય બન્યા હતા. વળી, આજના પ્રસંગે સૌનાય વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ ગુરુદેવ પ.પૂ. બાપજીનું વિશેષ મહિમાગાન કરી મહાત્મ્ય સાગરમાં સૌને ગરકાવ કર્યા હતા. પ્રોગ્રામના અંતમાં





અનાદિમુક્ત પીઠિકા પર બિરાજમાન ગુરુદેવ પ.પૂ. બાપજી અનંત મુમુક્ષુઓના વર્તમાનકાળે દુઃખ દૂર કરી રહ્યા છે તેનો મહિમા દર્શાવતો વિડિયો દર્શન કરાવવામાં આવ્યું હતું. આમ, આજના દિવસે પ્રત્યક્ષ ૧૦૭૩ તેમજ ઑનલાઈન ૧૮૨૭૪ કરતાં પણ વધુ હરિભક્તો આ પ્રોગ્રામમાં જોડાઈને ગુરુદેવ પ.પૂ. બાપજીની કરુણામાં ભીંજાયા હતા.

આજના દિને ગુરુદેવ પ.પૂ. બાપજીનું જ્યાં પ્રાગટ્ય થયું હતું તેવા વાસણ ગામને કહેતાં તીર્થભૂમિ વાસણને હરિયાળું આદર્શ ગામ બનાવવાના ભાગ રૂપે તા. ૩૧-૮-૨૦૨૩ના રોજ વાસણા ખાતે ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના વરદ હસ્તે વાસણ ગામે નિર્માણ પામનાર નૂતન પ્રવેશદ્વારમાં મુકાનાર શિલાનું પૂજન કરવામાં આવ્યું હતું. એ ન્યાયે તા. ૫-૯-૨૦૨૩ના રોજ સવારે ૮:૩૦થી ૧૧:૩૦ દરમ્યાન ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની આજ્ઞાથી સંસ્થાના વરિષ્ઠ સંત પૂ. ભક્તવત્સલસ્વામી તથા પૂ. નિર્લેપસ્વામીના સાંનિધ્યમાં વૃક્ષારોપણ તથા ગામના નૂતન પ્રવેશદ્વારના શિલારોપણનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે વર્લ્ડ બૅંકના કન્સલ્ટન્ટ શ્રી પી.યુ.અસનાની તેમજ દેશના શ્રેષ્ઠ આદર્શ ગામ પુંસરીનું નિર્માણ કરનાર પૂર્વ સરપંચ શ્રી હિમાંશુભાઈ પટેલ સાથે આસપાસના ૨૦થી પણ વધુ ગામોના સરપંચશ્રીઓ તેમજ અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહી પ્રસાદ લઈ છૂટા પડ્યા હતા.

## નૂતન વર્ષે અન્નકૂટ આરતી તથા આશીર્વાદ સભા

આપણા સૌના જીવનના અતિ આનંદના સર્વોત્તમ પ્રસંગે એટલે કે નૂતન વર્ષે આપણે ભગવાન સ્વામિનારાયણ, ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી અને પૂ. સંતોના આશીર્વાદ અવશ્ય લેવા જોઈએ. એમના આશીર્વાદથી જ જીવનમાં સફળ અને સુખી થવાય. તો બેસતા વર્ષના દિવસે સંસ્થાના તમામ સેન્ટરોમાં આશીર્વાદ સભાનું આયોજન કરવામાં આવશે. જેમાં સંસ્થા લેવલે સંસ્થાના આદ્ય સ્થાન વાસણા મંદિર ખાતે યોજાતી આશીર્વાદ સભાનો જીવંત પ્રસારણ (લાઈવ વેબકાસ્ટ) દ્વારા સમગ્ર હરિભક્ત સમાજને લાભ મળશે.

**નોંધ :** આ આશીર્વાદ સભાનો લાભ લેવા માટે આપના નજીકના એસ.એમ.વી.એસ.ના મંદિરોમાં પૂ. સંતો તથા અગ્રેસરોનો સંપર્ક કરવો.

**તા. ૧૪-૧૧-૨૦૨૩, સવારે ૭:૩૦થી ૮:૩૦**
**સ્થળ : શ્રી સ્વામિનારાયણ મંદિર, વાસણા, અમદાવાદ**

**ગુરુજી દ્વારા અન્નકૂટ આરતી તથા દર્શન**

| | |
|---|---|
| સવારે ૫:૪૫ નિકોલ | સવારે ૬:૩૦ વસ્ત્રાલ |
| સવારે ૭:૩૦ વાસણા | સવારે ૧૦થી ૧૨ ગોધર |

## મૂર્તિસુખે સુખિયા



**મૂ.નિ. ઘનશ્યામભાઈ કાંતિભાઈ પટેલ, ઉંમર વર્ષ-૪૯, વસ્ત્રાલ; તા. ૨૩-૮-૨૦૨૩ :**

તેઓ ગુરુદેવ પ.પૂ. બાપજીના, ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના અતિ કૃપાપાત્ર હતા. તેઓએ કાયમી નિષ્ઠા અને નિયમ-ધર્મ રાખી ગુરુદેવ તથા ગુરુજીનો અપાર રાજીપો પ્રાપ્ત કર્યો હતો. સંસ્થાને હંમેશાં પોતાની માનીને પોતાનું તન-મન-ધન મહારાજ અને મોટાને રાજી કરવા માટે વાપર્યું. આકસ્મિક બીમારીના કારણે હૉસ્પિટલમાં તેઓની સારવાર ચાલી રહી હતી. તે દરમ્યાન તેમના દીકરા હરિવદને ગુરુજીને પ્રાર્થના કરી. 'એનાં આપેલાં વરદાનો ખોટાં હોય નહીં.' એ ન્યાયે ગુરુજીએ આપેલા આશીર્વાદ મુજબ અંત સમયે તેઓને શ્રીજીમહારાજ, બાપાશ્રી, ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુજીએ દર્શન આપીને મૂર્તિના સુખે સુખિયા કરી દીધા હતા. શ્રીજીમહારાજ તેમના ચૈતન્યને અધિકાધિક મૂર્તિનું સુખ આપે અને તેમના દીકરા હરિવદન તથા સમગ્ર પરિવારજનોને સત્સંગનું તથા સમજણનું બળ પ્રદાન કરે તેવી પ્રાર્થના.



દોષને જોતાં શીખવું પણ દોષરૂપ કદી ના થવું.

**તા. ૨૭-૮-૨૩**ના રોજ **વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી**એ પ્રાતઃ સમયે **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે સંકલ્પ સભામાં દિવ્યવાણીનો લાભ આપી ૨૦૯૬૬થી પણ વધુ હરિભક્તોને પ્રત્યક્ષ તથા ઑનલાઇન દર્શન-આશીર્વાદનો લાભ આપી સુખિયા કર્યા હતા.

**તા. ૩૧-૮-૨૩**ના રોજ **વ્હાલા ગુરુજી**એ પ્રાતઃ સમયે **વાસણા** ખાતે પૂનમ સમૈયામાં કથાવાર્તાનો લાભ આપી ૨૯૪૧૦થી વધુ હરિભક્તોને પ્રત્યક્ષ તથા ઑનલાઇન દર્શન-આશીર્વાદનો લાભ આપી સુખિયા કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **બાવળા** ખાતે ૨ પધરામણીનો લાભ આપી કૃતાર્થ બનાવ્યા હતા.

**તા. ૨-૯-૨૩**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **આણંદ** ખાતે શહેર વિસ્તારમાં ૧૨ હરિભક્તોના ગૃહે પધરામણી તેમજ ૧ રસોઈનો લાભ આપી પ્રેમી હરિભક્તોના સાંસાંગોટિલા સ્વીકારી રાજી કર્યા હતા. આ પ્રસંગે **પેટલાદ** ખાતે કારણ સત્સંગના નૂતન કેન્દ્ર માટે લેવાયેલ ભૂમિ માટે **વ્હાલા ગુરુજીના** દિવ્ય વરદ હસ્તે તેમજ યજમાનો દ્વારા શિલા તથા પ્લાનનું પૂજન કરવામાં આવ્યું હતું. આજરોજ **વ્હાલા ગુરુજી**એ સંધ્યા સેશનમાં **માતર** ખાતે ૨ અને **પેટલાદ** ખાતે ૮ પધરામણીનો લાભ આપી હરિભક્તોના મનોરથ પૂરા કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ રાત્રિ સેશનમાં યુવાનો જાગો પારાયણ પૂર્ણાહુતિ પ્રસંગે 'પ્રામાણિકતા' વિષય ઉપર દિવ્યવાણીનો લાભ આપી ૧૭૦૦થી વધારે હરિભક્તોને ધન્ય બનાવ્યા હતા.

**તા. ૩-૯-૨૩**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **આણંદ** ખાતે પ્રાતઃ સમયે અંગત શિબિર દરમ્યાન ૫૯૦થી પણ વધુ મુક્તોને 'મહિમા' વિષય પર કથાવાર્તાનો લાભ આપી સત્સંગનું ભાથું બાંધી આપ્યું હતું. આજરોજ **વ્હાલા ગુરુજી**એ સંધ્યાકાળે **નડિયાદ** ખાતે શહેર વિસ્તારમાં ૮ હરિભક્તોના ગૃહે પધરામણીનો લાભ આપી તેઓ પર રાજીપો વરસાવ્યો હતો. તેમજ રાત્રિ સેશનમાં **નડિયાદ** ખાતે યુવાનો જાગો પારાયણ પૂર્ણાહુતિ પ્રસંગે અમૃતવાણીનો લાભ આપી ૧૩૦૦થી વધુ હરિભક્તોને બળિયા કર્યા હતા.

**તા. ૮-૯-૨૩**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **વીરપુર** ખાતે પ્રાતઃ સમયે સત્સંગ વિચરણ દરમ્યાન **ભરોડી** ખાતે ૩ તેમજ **રોઝાવ** ખાતે ૧૮ હરિભક્તોના ગૃહે પધરામણીનો લાભ આપી મુક્તોના કાલાવાલા સ્વીકારી સુખિયા કર્યા હતા. આ દરમ્યાન **રોઝાવ** ખાતે યોજાયેલ જાહેર સભામાં વ્હાલા ગુરુજીએ ૭૦૦થી વધુ હરિભક્તોને દર્શન-આશીર્વાદનો લાભ આપી ધન્યભાગી બનાવ્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ સંધ્યા સેશનમાં **જોધપુર** ખાતે ૨ તથા **વીરપુર** ખાતે ૩ પધરામણીનો લાભ આપી પ્રેમીભક્તોને કૃપાવંત કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ રાત્રિ સેશનમાં **વીરપુર** ખાતે યુવાનો જાગો પારાયણ પૂર્ણાહુતિ પ્રસંગે કથાવાર્તાનો લાભ આપી ૨૦૦૦થી વધુ હરિભક્તોને દર્શન-આશીર્વાદનો લાભ આપી સુખિયા કર્યા હતા.

**તા. ૯-૯-૨૩**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **બાયડ** ખાતે જ્ઞાન-ધ્યાન ચિંતન તેમજ પ્રાતઃ સભામાં દિવ્યવાણીનો લાભ આપી મુમુક્ષુઓને રાજીપાના માર્ગે આગળ વધાર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ પ્રથમ સેશનમાં અનુક્રમે **રામપરા કંપા, સરસોલી** તેમજ **સરસોલી કંપા** ખાતે ૮ પધરામણી તથા જાહેર સભામાં દિવ્યવાણીનો લાભ આપી ૪૫૦૦થી વધુ પ્રેમીભક્તોને દર્શન-આશીર્વાદ આપી રાજી કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ રાત્રિ સેશનમાં **બાયડ** મંદિર ખાતે સત્સંગ સભામાં કથાવાર્તાનો લાભ આપી ૨૨૦૦થી વધુ મુમુક્ષુઓને બળિયા કર્યા હતા.

**તા. ૧૦-૯-૨૩**ના રોજ **વ્હાલા ગુરુજી**એ પ્રાતઃ સમયે **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે સંકલ્પ સભામાં દિવ્યવાણીનો લાભ આપી ૩૦૪૭૬થી પણ વધુ હરિભક્તોને પ્રત્યક્ષ તથા ઑનલાઇન દર્શન-આશીર્વાદનો લાભ આપી સુખિયા કર્યા હતા.

**તા. ૧૨-૯-૨૩**ના રોજ **પાટડી** ખાતે **વ્હાલા ગુરુજી**એ પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહારાજ સંગે ગ્રામ્ય વિસ્તારમાં ૩ પધરામણી તેમજ ૧ રસોઈનો લાભ આપી હરિભક્તોના મનોરથ પૂરા કર્યા હતા. આજરોજ રાત્રિ સેશનમાં **વ્હાલા ગુરુજી**એ **પાટડી** ખાતે નૂતન સત્સંગ કેન્દ્રના બોર્ડ અનાવરણ પ્રોગ્રામ અંતર્ગત યોજાયેલ સત્સંગ સભામાં બળપ્રેરક અમૃતવાણીનો લાભ આપી ૯૦૦થી પણ વધુ હરિભક્તોને સુખિયા કર્યા હતા.

**તા. ૧૩-૯-૨૩**ના રોજ **વ્હાલા ગુરુજી**એ સવારે **પાટડી** ખાતે ગ્રામ્ય વિસ્તારમાં ૩ હરિભક્તોના ગૃહે પધરામણીનો લાભ આપી હરિભક્તોના સાંસાગોટિલા સ્વીકાર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ બપોરના સમયે **વિરમગામ** ખાતે ૨ પધરામણી તેમજ **વિરમગામ** મંદિરે રાજીપા દર્શન પ્રોગ્રામમાં ૪૦૦થી પણ વધુ હરિભક્તોને નિકટ દર્શનનો લાભ આપી તેમના પર રાજીપો વરસાવ્યો હતો. આજરોજ **વ્હાલા ગુરુજી**એ સંધ્યા સેશનમાં **સાણંદ** ખાતે ૮ પધરામણી, ૧ રસોઈના પ્રોગ્રામમાં ૨૦૦થી પણ વધુ હરિભક્તોને કથાવાર્તાનો લાભ આપી સુખિયા કર્યા હતા.

# પૂ. ત્યાગી મહિલામુક્તોનું યુ.એસ.એ., કેનેડા, યુ.કે. ખાતે દિવ્ય સત્સંગ વિચરણ - ૨૦૨૩










અધ્યાત્મ માર્ગે પ્રયાણ કરી અનેક મુમુક્ષુ જીવો શ્રીજીમહારાજના સંકલ્પ સમા પાત્ર બની અનાદિની સ્થિતિ પામે તે માટે વિશેષ બળ આપવા વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે પૂ. ત્યાગી મહિલામુક્તોનાં ચાર મંડળ યુ.એસ.એ., કૅનેડા, યુ.કે.માં વિદેશ વિચરણ અર્થે પધાર્યાં હતાં. જેમાં બીજા મંડળમાં તા. ૫-૭-૨૦૨૩ની વહેલી સવારે વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે ભક્તિનિવાસનાં વરિષ્ઠ ત્યાગી મહિલામુક્ત પૂ. દીપલબેન સાથે પૂ. ગાર્ગીબેન પધાર્યાં હતાં. સાથે પ.ભ. કાજલબેન શાહ પણ સેવામાં જોડાયાં હતાં.

તા. ૫-૭-૨૦૨૩થી તા. ૫-૯-૨૦૨૩ દરમ્યાનના વિચરણમાં ત્રણ દેશમાં વિચરણ થયું હતું. પ્રથમ તા. ૫-૭-૨૦૨૩થી તા. ૧૦-૮-૨૦૨૩ અને તા. ૨૧-૮-૨૦૨૩થી તા. ૨૩-૮-૨૦૨૩ યુ.એસ.એ. ખાતે ચેરીહિલ, એડિસન, જર્સીસિટી, બોસ્ટન, ઍટલાન્ટા, કેલિફૉર્નિયા આદિ સેન્ટરોમાં તથા કનેક્ટિકટ જેવા વિસ્તારોમાં ૪૦ દિવસ વિચરણ કર્યું હતું. તા. ૧૦-૮-૨૦૨૩થી તા. ૨૧-૮-૨૦૨૩ દરમ્યાન કૅનેડા ખાતે એસ.એમ.વી.એસ.ના ટોરેન્ટો, કેલીડોન આદિ સેન્ટરોમાં ૧૦ દિવસ વિચરણ કર્યું હતું. તા. ૨૪-૮-૨૦૨૩થી તા. ૫-૯-૨૦૨૩ દરમ્યાન લંડન ખાતે ૧૩ દિવસ એમ કુલ ૬૩ દિવસના વિચરણનું આયોજન ગોઠવાયું હતું.

આ વિચરણ દરમ્યાન મહિલા શિબિર, આદર્શ પ્રૉજેક્ટ શિબિર, કિશોરી શિબિર, બાલિકા શિબિર, અગ્રેસર ડે, કાર્યકર ડે, પિકનિક, જાહેર સભા, Pre-AYP સભા, પ્રાતઃ સભા, કિશોરી સભા, બાલિકા સભા, SKS-SBS સભા, સ્ટાફ સભા, મહિલા સભા, મહિમા ગોષ્ઠી, અંગત બેઠક, ભક્તિયાત્રા, અભિષેક ઉત્સવ, રક્ષાબંધન પર્વ, ગુરુદેવ સ્મૃતિ દિન આદિક અનેક પ્રોગ્રામોમાં સત્સંગનો લાભ મળતાં સૌ મહિમાસભર બન્યાં હતાં. અને રાજીપાના માર્ગે પ્રયાણ કર્યું હતું.

આ રીતે યુ.એસ.એ., કૅનેડા, યુ.કે. ખાતેના કુલ ૬૩ દિવસના વિચરણમાં ૧૮૩ જેટલી સભાઓ અને અન્ય પ્રોગ્રામ દ્વારા તથા ૧૬૬ જેટલી અંગત બેઠકો દ્વારા વિદેશના સમગ્ર મહિલા સમાજને બળિયો કરી પૂ. ત્યાગી મહિલામુક્તોએ તા. ૫મી સપ્ટેમ્બરના રોજ ઇન્ડિયા આવવા માટે પ્રસ્થાન કર્યું હતું.



સમયે જાણપણું રહે એનું નામ સમજણ.




શા માટે ઈમર્જન્સીમાં SMVS જ


# સૌ જાણે છે કે
# ઇમર્જન્સીમાં રિસ્ક ન લેવાય

## SMVS સ્વામિનારાયણ હોસ્પિટલની
## મુલાકાત જ લેવાય કારણ કે

## EMERGENCY એટલે SMVS

### જ્યારે હૃદયની વાત આવે

- તો અહીં ઉપલબ્ધ છે ફુલટાઇમ કાર્ડિયોલૉજિસ્ટ ટીમ
- હૃદયની તમામ જટિલ બીમારી માટે અત્યાધુનિક કેથલેબ
- અનુભવી સ્ટાફ દ્વારા થશે એન્જીયોપ્લાસ્ટી અને એન્જીયોગ્રાફી





### જ્યારે મગજની વાત આવે

- તો અહીં ઉપલબ્ધ છે ફુલટાઇમ અનુભવી ન્યુરોલૉજિસ્ટ ટીમ
- મગજના અસાધ્ય રોગો જેવા કે પાર્કિન્સન્સ, GBS, ખેંચ, લકવો, આધાશીશી (માથાનો દુખાવો), સાઇટિકા, યાદશક્તિના રોગો, મગજનો તાવ, કંપવા જેવી સારવાર સૌથી રાહત દરે કરવામાં આવે છે.
- ક્રિટિકલ કેર યુનિટની (ICUની) સુવિધા

### જ્યારે ટ્રોમા અને એક્સિડન્ટની વાત આવે

- ત્યારે અહીં ઉપલબ્ધ છે ફુલટાઇમ નિષ્ણાત ડૉક્ટર્સની ટીમ
- આઘાત, કાર અકસ્માતો, ઘરેલુ હિંસા, અને માનસિક બીમારી



“સૌથી ઓછું રેડિયેશન ધરાવતી અત્યાધુનિક ટેક્નોલોજીયુક્ત કૅથ લેબ
**હાર્ટ કેર યુનિટ**”

MA કાર્ડ
Mukhyamantri Amrutum
મુખ્યમંત્રી અમૃતમ્
દ્વારા સારવાર ઉપલબ્ધ

તમામ પ્રકારની
કેશલેશ સુવિધા
ઉપલબ્ધ છે.

---

SMVS SWAMINARAYAN HOSPITAL
A Humanitarian Hospital

NABH ACCREDITED

**SMVS સ્વામિનારાયણ હોસ્પિટલ**
SMVS સ્વામિનારાયણ હોસ્પિટલ રોડ, સ્વામિનારાયણ ધામની બાજુમાં,
કોબા -ગાંધીનગર હાઇવે, ગાંધીનગર - 382 007.
**વધુ માહિતી માટે કોલ કરો :** 63 59 77 07 25
info@smvshospital.com

Follow us :

Emergency Help Line : 73 73 73 39 04 / 05 l www.smvshospital.com

# ભક્તિ ગૃહઉદ્યોગ દ્વારા

# દિવાળી સ્પેશ્યલ

ખાસ સત્સંગી બંધુઓ માટે શુદ્ધ, સ્વાદિષ્ટ અને પવિત્ર
સ્વામિનારાયણ સંપ્રદાયના ધર્મ-નિયમે યુક્ત ફરસાણ તથા મીઠાઈઓ

BHAKTI NAMKEEN
Purity of Swaminarayan

## ૧ કિલોના ભાવ

| નમકીન | |
|---|---|
| તીખું ચવાણું | ૨૦૦/- |
| ડ્રાયફ્રૂટ ચવાણું | ૩૪૦/- |
| ખાટું-મીઠું ચવાણું | ૨૦૦/- |
| પૌંવાનો ચેવડો | ૨૦૦/- |
| પંચરત્ન | ૨૦૦/- |
| ઝીણી સેવ | ૨૦૦/- |
| નાયલોન સેવ | ૨૦૦/- |
| તીખી સેવ | ૨૦૦/- |
| રતલામી સેવ | ૨૦૦/- |
| ભાવનગરી સેવ | ૨૦૦/- |
| ભાવનગરી ગાંઠિયા | ૨૦૦/- |
| ચણાદાળ | ૨૪૦/- |
| ટમટમ | ૨૦૦/- |
| મસાલા મગ | ૨૪૦/- |
| સિંગભજિયાં | ૨૪૦/- |
| મમરી | ૨૦૦/- |
| પાપડી | ૨૦૦/- |
| ચણાજોર | ૨૪૦/- |
| સોયા સ્ટિક | ૨૨૦/- |
| સોયા ચિપ્સ | ૨૨૦/- |
| ગળ્યા/તીખા સક્કરપારા | ૧૮૦/- |

| પાપડ | |
|---|---|
| અડદના પાપડ | ૨૬૦/- |
| મઠિયા (૪૦૦ ગ્રામ પેકિંગ) | ૩૦૦/- |
| ચોળાફળી | ૨૬૦/- |

| બિસ્કિટ | |
|---|---|
| ઘઉંનાં બિસ્કિટ (પ્યૉર) | ૩૦૦/- |
| ઓટ્સનાં બિસ્કિટ | ૩૮૦/- |
| બેકરી બિસ્કિટ (સાદાં) | ૧૬૦/- |
| મિક્સ કુકીસ (ડ્રાયફ્રૂટ, કેસર, ચૉકલેટ, કોકોનેટ) | ૨૦૦/- |

| મીઠાઈ | |
|---|---|
| મોહનથાળ (પ્યૉર) | ૪૦૦/- |
| મગજ (પ્યૉર) | ૪૦૦/- |
| ટોપરાપાક | ૩૬૦/- |
| સોનપાપડી | ૩૨૦/- |
| બોમ્બે હલવો | ૩૨૦/- |
| મૈસૂબ | ૪૦૦/- |
| થાબડી/મથુરા પેંડા | ૪૬૦/- |
| માવા બરફી | ૪૬૦/- |
| કાજુ કતરી | ૮૦૦/- |
| કાજુ બાઇટ્સ | ૯૪૦/- |
| મિક્સ મીઠાઈ (કાજુ કતરી, કાજુ બાઇટ્સ, માવા બરફી, થાબડી પેંડા) | ૬૮૦/- |

| ડ્રાયફ્રૂટ બૉક્સ | |
|---|---|
| ડ્રાયફ્રૂટ બૉક્સ (૧ બૉક્સના) | ૫૦૦/- |

| ફરાળી | |
|---|---|
| કેળા વેફર | ૨૨૦/- |
| બટાકા વેફર | ૨૨૦/- |
| કેળા ચેવડો | ૨૬૦/- |

| મુખવાસ | |
|---|---|
| મુખવાસ (૧૦૦ ગ્રામ પેકિંગ) | ૫૦૦/- |







**ઓર્ડર નોંધાવવાની અંતિમ તા. ૧૫-૧૦-૨૦૨૩**

● સંસ્થાના તમામ મંદિરોમાં ઓર્ડર નોંધવામાં આવે છે તો આપનો ઓર્ડર આજે જ નોંધવો...

**ખાસ નોંધ :**

૧. વહેલા તે પહેલાંના ધોરણે ઓર્ડર નોંધાવવો.

૨. ઓર્ડર નોંધાવતી વખતે પરેપૂરી રકમ જમા કરાવી અને પહોંચ મેળવી લેવી.

૩. ગળ્યા સક્કરપારા, તીખા સક્કરપારા, કેળા વેફર, બટાકા વેફર, કેળા ચેવડો, ઘઉંનાં બિસ્કિટ (ચોખ્ખા ઘીના), ઓટ્સનાં બિસ્કિટ, બેકરી બિસ્કિટ (સાદાં), મિક્સ કુકીસ જેનું પેકિંગ ૨૫૦ ગ્રામમાં જ રહેશે.

૪. અડદના પાપડ, ચોળાફળી ૫૦૦ ગ્રામમાં અને મઠિયા ૪૦૦ ગ્રામના પેકિંગમાં જ રહેશે.

૫. મુખવાસનું પેકિંગ ૧૦૦ ગ્રામમાં જ રહેશે.

૬. ઓર્ડર આપ્યા બાદ કોઈ કારણોસર ઉપરમાંથી કોઈ પણ આઇટમ ઉપલબ્ધ ન થાય તો તેની રકમ પરત કરવામાં આવશે.

૭. વસ્તુનું વિતરણ એસ.એમ.વી.એસ.ના દરેક સેન્ટરમાંથી તા. ૯-૧૧-૨૦૨૩થી કરવામાં આવશે.



આંતરશુદ્ધિ એ જ બાહ્યશુદ્ધિનો આધાર છે.

























(૧-૨) ભારોડી ગામે પધરામણીમાં લાભ આપતા વ્હાલા ગુરુજી (૩-૪) બાયડ ખાતે સત્સંગ વિચરણમાં લાભ
(૫-૮) પાટડી, માંડલ તથા સાણંદ ખાતે અનુક્રમે પધરામણીમાં લાભ

Ghanshyam, October-2023. Published on 10-10-2023. Post at SRO Gandhinagar. 10th to 13th on Every Month. Licenced to Post without prepayment No. PMG/NG/060/ 2021-23, Valid up to 31-12-2023. Regd No. G-GNR-315/ 2021-23, Extended up to 31-12-2023. RNI No. 33267/78.

Printed Sadhu Purnaswarupdas, Published by Sadhu Bhaktvatsaldas on Swaminarayan Mandir Vasna Sanstha (SMVS) and at Vibrant Image Basement, Hi-Tech Complex, Paldi, Ahmedabad 380007 and Published at Swaminarayan Dham, Koba-Gandhinagar Highway, Gandhinagar-7. Editor-Narendrabhai R. Trivedi.










(૧-૪) વિરપુર, વિરમગામ તથા સ્વામિનારાયણ ધામ ખાતે અનુક્રમે પધરામણી તથા સત્સંગ સભામાં લાભ આપતા વ્હાલા ગુરુજી


## SMVS પરિણય

એસ.એમ.વી.એસ. સંસ્થાના દીકરા-દીકરીઓનાં નિષ્ઠા, નિયમ-ધર્મ સચવાય તેમજ તેઓના સુખી-સંપન્ન દાંપત્ય જીવન માટે એસ.એમ.વી.એસ. સંસ્થા પ્રસ્તુત કરે છે...






SMVS PRESENTS

SMVS Parinay

GET IT ON Google Play

Download on the App Store

પ્લે સ્ટોર તેમજ ઍપ સ્ટોર પર નિ:શુલ્ક ઉપલબ્ધ છે.

- લગ્નગ્રંથિથી જોડાવા માટે દેશ અને વિદેશના દીકરા-દીકરીઓની પસંદગી કરવી બનશે હવે વધુ સરળ.
- એસ.એમ.વી.એસ.ના લગ્નોત્સુક દીકરા-દીકરીઓની માહિતી હવે એક જ જગ્યા પરથી મળશે.
- એસ.એમ.વી.એસ.ના સત્સંગી હરિભક્તો જ આ ઍપમાં જોડાઈ શકશે.

### ઍપની વિશેષતા

જેમાં આપને મળશે...

- વ્યક્તિગત માહિતી - ફોટોગ્રાફ
- વ્યવસાયિક માહિતી
- પારિવારિક માહિતી
- પરિચિત સત્સંગીની વિગત

### ઍપના Security ફીચર્સ

- OTP આધારિત લૉગ ઇન
- SMS દ્વારા કન્ફર્મેશન
- E-mail કન્ફર્મેશન
- કનેક્ટ ફીચર
- નોટિફિકેશન ફીચર
- એસ.એમ.વી.એસ. સંસ્થા દ્વારા પ્રમાણિત કરવામાં આવેલ દીકરા-દીકરીઓની વ્યક્તિગત પ્રોફાઇલ

તો આજે જ આપના દીકરા-દીકરીઓ માટે યોગ્ય સત્સંગી જીવનસાથી પસંદ કરવા ડાઉનલોડ કરો '**SMVS પરિણય**' ઍપ.

**ખાસ નોંધ : આ ઍપ્લિકેશનમાં જોડાવા માટેની રિક્વેસ્ટ (અરજી) કર્યા પછી રિક્વેસ્ટ કરનારને સભ્યપદ આપવાનો અંતિમ નિર્ણય વ્યવસ્થાપકોનો રહેશે.**